# પાપનો પ્રવાહ

[ અઢાર પાપસ્થાનક ]

卐

પુષ્પ : ૧૪ :

ધર્મબોધ ગ્રંથમાળા–પુષ્પ : ૧૪ :

# પાપનો પ્રવાહ

## [ અઢાર પાપસ્થાનક ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ

જ્ઞાનમ્

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી–લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ–વડોદરા.

આવૃત્તિ ૧ લી. કીં. ૧૦ આના વિ. સં. ૨૦૦૮.

મુદ્રક:–શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

# વિષયાનુક્રમ

| | |
|---|---|
| | પૃષ્ઠ |
| **પાપનો પ્રવાહ** | ૧ |
| (૧) પ્રાણાતિપાત ( હિંસા ) | ૩ |
| (૨) મૃષાવાદ ( અસત્ય ) | ૧૦ |
| (૩) અદત્તાદાન ( ચોરી ) | ૧૭ |
| (૪) મૈથુન | ૨૪ |
| (૫) પરિગ્રહ ( ધન–ધાન્યાદિમૂર્ચ્છા ) | ૨૯ |
| (૬) ક્રોધ | ૩૫ |
| (૭) માન | ૪૧ |
| (૮) માયા | ૪૬ |
| (૯) લોભ | ૫૦ |
| (૧૦) રાગ | ૫૪ |
| (૧૧) દ્વેષ | ૫૪ |
| (૧૨) કલહ | ૬૦ |
| (૧૩) અભ્યાખ્યાન | ૬૩ |
| (૧૪) પૈશુન્ય | ૬૫ |
| (૧૫) રતિ–અરતિ | ૬૭ |
| (૧૬) પર–પરિવાદ | ૬૯ |
| (૧૭) માયા–મૃષાવાદ | ૭૨ |
| (૧૮) મિથ્યાત્વ | ૭૪ |

# પાપનો પ્રવાહ

પ્રજ્ઞાનિધાન પરમપુરુષોએ એ વાતઃ પુનઃ પુનઃ ઉચ્ચારી છે કે 'सुखं धर्मात् दुःखं पापात्–આ જગત્‌માં જે કંઇ સુખ દેખાય છે, તેનું કારણ ધર્મ છે અને જે કંઇ દુઃખ દેખાય છે, તેનું કારણ પાપ છે; માટે સુખના અભિલાષી આત્માઓએ પાપ-કર્મ કરવું પણ નહિ અને કરાવવું પણ નહિ. તેમજ કોઈ પાપાચરણ કરતું હોય તેની અનુમોદના પણ કરવી નહિં.'

સર્વનું સમાન હિત ચાહનારા સંતપુરુષોએ ફરી ફરીને શિખામણ આપી છે કે—

दुःखं वरं चैव वरं च भैक्ष्यं,
वरं च मौर्ख्यं हि वरं रुजोऽपि ।
मृत्युः प्रवासोऽपि वरं नराणां,
परं सदाचारविलङ्घनं नो ॥ १ ॥

દુઃખ ભોગવવું સારું, ભિક્ષા માગવી સારી, અથવા મૂર્ખતા પણ સારી, રોગ આવે તે પણ સારો અને મૃત્યુ થાય કે સદા ફરતું રહેવું પડે તે પણ સારું, પરંતુ મનુષ્યોએ સદાચારનું ઉલ્લંઘન કરવું સારું નહિ.

નીતિવિશારદોએ જગતના વિવિધ વ્યવહારો અને તેમાંથી નીપજતાં પરિણામોનો બહોળો અનુભવ લીધા પછી ઉચ્ચાર્યું છે કે-

**अकर्त्तव्यं न कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि ।**
**सुकर्त्तव्यं तु कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि ॥ १ ॥**

પ્રાણ કંઠે આવે તો પણ અકર્ત્તવ્ય કરવું નહિ અને પ્રાણ કંઠે આવે તો પણ સુકર્ત્તવ્ય અવશ્ય કરવું.

મનુષ્ય સ્વભાવનું ચિત્ર દોરનારા કવિઓએ કહ્યું છે કે-

**राजदण्डभयात्पापं, नाऽऽचरत्यधमो जनः ।**
**परलोकभयान्मध्यः, स्वभावादेव चोत्तमः ॥ १ ॥**

અધમ જનો રાજદંડના ભયથી પાપ કરતા નથી, મધ્યમ જનો પરલોકના ભયથી પાપ કરતા નથી, જ્યારે ઉત્તમ જનો સ્વભાવથી જ પાપ કરતા નથી, અર્થાત્ પાપકર્મમાં પ્રવૃત્ત થવું એ સજ્જનોના સ્વભાવમાં જ હોતું નથી.

'પાપકર્મ કોને કહેવાય?' એનો ઉત્તર એ છે કે 'જે **दुग्गइनिबंधणं**–દુર્ગતિનું કારણ છે અને **मुक्खमग्गसंसग्ग-विग्घभूअं**–મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં અંતરાયરૂપ છે તે પાપકર્મ કહેવાય.'

'આવા પાપનો પ્રવાહ કઈ ક્રિયાઓ કે કઈ પ્રવૃત્તિથી ચાલે છે?' એનો ઉત્તર એ છે કે—

**पाणाइवायमलियं, चोरिक्कं मेहुणदविणमुच्छं ।**
**कोहं माणं मायं, लोभं पिज्जं तहा दोसं ॥**

कलहं अब्भक्खाणं, पेसुन्नं रइ–अरइ समाउत्तं ।
परपरिवायं माया–मोसं मिच्छत्तसल्लं च ॥ १ ॥

(૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) ચોરી–અદત્તાદાન, (૪) મૈથુન, (૫) દ્રવ્યની મૂર્છા–પરિગ્રહ, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) પ્રેમ–રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન, (૧૪) પૈશુન્ય, (૧૫) રતિ–અરતિ, (૧૬) પરપરિવાદ, (૧૭) માયા–મૃષાવાદ અને (૧૮) મિથ્યાત્વશલ્ય–એ અઢાર ક્રિયાઓથી પાપનો પ્રવાહ ચાલે છે, એટલે કે તે પાપનાં ઉદ્ગમસ્થાનો છે.

આ અઢાર પાપસ્થાનો કે પાપસ્થાનકોમાં પ્રથમનાં પાંચ મુખ્ય છે અને બાકીનાં તેર ગૌણ છે, અર્થાત્ પ્રથમનાં પાંચ ઘટે તો બાકીનાં તેર પણ ઘટે છે. તેમાં પણ પ્રાણાતિપાતની મુખ્યતા છે, એટલે સહુથી પહેલાં તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

## ૧. પ્રાણાતિપાત (હિંસા)

પ્રાણાતિપાત એટલે પ્રાણનો અતિપાત. પ્રાણ શબ્દથી પાંચ ઇંદ્રિયો, મનોબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણો સમજવાનાં છે. તેનો અતિપાત કરવો એટલે તેનું અતિક્રમણ કરવું, તેનો વ્યાઘાત કરવો કે તેનો વિનાશ કરવો. તાત્પર્ય કે–કોઈ પણ પ્રાણીને જાનથી મારવું, તેનાં અંગોપાંગ છેદવાં કે તેને પીડા યા દુઃખ ઉપજાવવું તે પ્રાણાતિપાત કહેવાય છે. હિંસા, વિરાધના, મારણા, ઘાતના, આરંભ–સમારંભ વગેરે તેના પર્યાયશબ્દો છે.

નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

जावन्ति लोए पाणा, तसा अदुवा थावरा ।
ते जाणमजाणं वा, न हणे नो वि घायए ॥ १ ॥

સંસારમાં ત્રસ અને સ્થાવર જે કોઈ પ્રાણીઓ છે, તેને જાણતાં કે અજાણતાં હણવાં નહિ તેમજ હણાવવાં પણ નહિ.

जगनिस्सिएहिं भूएहिं, तसनामेहिं थावरेहिं च ।
नो तेसिमारभे दंडं, मणसा वयसा कायसा चेव ॥१॥

જગતમાં રહેનારા ત્રસ અને સ્થાવર જીવો પર મનથી, વચનથી અને કાયાથી કોઈ પણ જાતનો દંડપ્રયોગ કરવો નહિ.

पुढवी जीवा पुढो सत्ता, आउजीवा तहाऽगणी ।
वाउजीवा पुढो सत्ता, तण-रुक्खा सबीयगा ॥ १ ॥

अहावरा तसा पाणा, एवं छकाय आहिया ।
एयावए जीवयाए, नावरे कोइ विज्जइ ॥ २ ॥

सव्वाहिं अण्डजुत्तीहिं, मईमं पडिलेहिया ।
सव्वे अक्कन्तदुक्खा य, अओ सव्वे न हिंसया ॥ ३ ॥

પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને બીજ સહિત તૃણ, વૃક્ષ આદિ વનસ્પતિકાય-એ સર્વ જીવો અતિ સૂક્ષ્મ છે. (ઉપરથી એક આકારવાળા દેખાવા છતાં સર્વેનું પૃથક્ પૃથક્ અસ્તિત્વ છે.)

ઉક્ત પાંચ સ્થાવરકાય ઉપરાંત બીજા ત્રસ પ્રાણીઓ પણ છે. એ છ **ષડ્જીવનિકાય** કહેવાય છે. સંસારમાં જેટલા પણ જીવો છે, તે સર્વેનો સમાવેશ આ ષડ્નિકાયમાં થઈ જાય છે. એના સિવાય બીજી કોઈ જીવ-નિકાય નથી.

બુદ્ધિમાન પુરુષ ઉક્ત ષડ્જીવનિકાયનું સર્વ પ્રકારે સમ્યગ્-જ્ઞાન પ્રાપ્ત કરે અને 'સર્વે જીવો દુઃખથી ગભરાય છે' એમ જાણીને તેને દુઃખ દે નહિ.

सयं तिवायए पाणे, अदुवऽन्नेहिं घायए ।
हणन्तं वाऽणुजाणाइ, वेरं वड्ढइ अप्पणो ॥ १ ॥

જે મનુષ્ય પ્રાણીઓની સ્વયં હિંસા કરે છે, બીજાની પાસે હિંસા કરાવે છે અને હિંસા કરનારને અનુમોદન આપે છે, તે સંસારમાં પોતાના માટે વૈરની વૃદ્ધિ કરે છે.

जीववहो अप्पवहो, जीवदया अप्पणो दया होइ ।
ता सव्वजीवहिंसा, परियत्ता अत्तकामेहिं ॥ १ ॥

કોઈ પણ જીવની હિંસા કરવી એ પોતાના આત્માની જ હિંસા છે અને કોઈ પણ જીવ પર દયા કરવી એ પોતાના આત્માની જ દયા છે; તેથી આત્માર્થી પુરુષોએ સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ કરવો.

અન્ય મહાત્માઓએ કહ્યું છે કે—

न रणे विजयी शूरो, विद्यया न च पण्डितः ।
न वक्ता वाक्पटुत्वेन, न दाता धनदायकः ॥
इन्द्रियाणां जये शूरो, धर्मं चरति पण्डितः ।
सत्यवादी भवेद्वक्ता, दाता भूताभयप्रदः ॥ १ ॥

યુદ્ધમાં વિજયી થાય તે શૂરવીર નથી, વિદ્યાવાળો હોય તે પંડિત નથી, વાક્પટુતાવાળો હોય તે વકતા નથી અને ધન

દેનારો દાતા નથી; પરંતુ ઇન્દ્રિયોનો જય કરે તે જ શૂરવીર છે, ધર્મનું આચરણ કરે તે જ પંડિત છે, સત્ય બોલે તે જ વક્તા છે અને જીવોને અભયદાન આપે તે જ સાચો દાતા છે.

निर्गुणेऽष्वपि सत्त्वेषु, दयां कुर्वन्ति साधवः ।
न हि संहरति ज्योत्स्नां, चन्द्रश्चण्डालवेश्मनः ॥ १ ॥

સાધુપુરુષો ગમે તેવાં નિર્ગુણી પર પણ દયા કરે છે. જુઓ કે ચંદ્ર ચાંડાલના ઘર પરથી ચાંદની લઈ લેતો નથી.

यस्य चित्तं द्रवीभूतं, कृपया सर्वजन्तुषु ।
तस्य ज्ञानं च मोक्षश्च, न जटाभस्मचीवरैः ॥ १ ॥

માત્ર જટા વધારવાથી, ભસ્મ ચોળવાથી કે અમુક જાતનાં વસ્ત્રો ધારણ કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને મોક્ષ થતો નથી, પરંતુ જેનું ચિત્ત સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણાથી આર્દ્ર થયેલું છે, તેને જ આત્મજ્ઞાન થાય છે અને તેનો જ મોક્ષ થાય છે.

કેટલાક મનુષ્યો એમ માને છે કે યજ્ઞનિમિત્તે હિંસા કરવાથી સ્વર્ગે જવાય છે. તેમને એમ પૂછી શકાય કે—

यूपं छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।
यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ? ॥ १ ॥

જો યજ્ઞસ્તંભ છેદીને, પશુઓને હણીને તથા લોહીનો કાદવ કરીને જ સ્વર્ગે જવાનું હોય તો પછી નરકમાં કોણ જશે ?

અથવા એમ કહેવાતું હોય કે યજ્ઞમાં હણેલાં પ્રાણીઓ સ્વર્ગે જાય છે, તો યજ્ઞ કરનારાઓ પોતાના માતા, પિતા,

પત્ની અને પુત્રોને જ યજ્ઞનિમિત્તે કાં હણતાં નથી કે જેથી તેઓ નિઃસંશય સ્વર્ગમાં જ જાય ? અર્થાત્ યજ્ઞનિમિત્તે હિંસા કરવી એ અજ્ઞાનમૂલક છે અને તે પણ બીજી હિંસા જેટલી જ અનુચિત છે. આ જ કારણે વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરે હિંસક યજ્ઞોની નિષ્ફલતા પોકારી હતી અને ભાવયજ્ઞવડે આત્માને શુદ્ધ કરવાની હાકલ કરી હતી.

કેટલાક મનુષ્યો કાલી, મહાકાલી આદિ દેવીઓને પ્રસન્ન કરવા માટે તેમને બકરાં કે કૂકડાં વગેરે પ્રાણીઓનો ભોગ આપે છે, પણ તેઓ એ વિચાર કરતા નથી કે જે જગદંબા છે, જગતની માતા છે, પ્રાણી માત્રની જનની છે તે પોતાના જ પ્યારા બાળકોની કત્લથી કેમ પ્રસન્ન થશે ? અને જો તે એવી રીતે જ પ્રસન્ન થતી હોય તો જગદંબા કે જગજ્જનની શાની ? એટલે માતાને પ્રસન્ન કરવા માટે પ્રાણીઓની હિંસા કરવી, એ પણ અજ્ઞાન ચેષ્ટા જ છે અને તેનું ફળ દુર્ગતિ છે.

કેટલાક મનુષ્યો શિકારના શોખથી પ્રાણીઓની હિંસા કરે છે, તે પણ કેટલું અનુચિત છે ?

**वसन्त्यरण्येषु चरन्ति दुर्वां,**
**पिबन्ति तोयान्यपरिग्रहाणि ।**
**तथापि वध्या हरिणा नराणां,**
**को लोकमाराधयितुं समर्थः ? ॥ १ ॥**

જેઓ અરણ્યમાં રહે છે, ઘાસ ખાય છે અને બીજાએ નહિ ગ્રહણ કરેલું પાણી પીએ છે, તે હરણોનો મનુષ્યો

શિકાર કરે છે. અહો ! આવા અન્યાયી લોકોને કોણ સમજાવી શકે ? અર્થાત્ નિર્દોષ પશુઓનો શિકાર કરવો એ ભયંકર અન્યાય છે.

કેટલાક મનુષ્યો પોતાની ઉદરપૂર્તિ માટે પંચેંદ્રિય પ્રાણીઓની કત્લ કરે છે અથવા તેમનું માંસ વાપરે છે. આવા મનુષ્યોએ એ વિચારવું ઘટે છે કે-આ જગતમાં અનેક પ્રકારનાં ફલ-ફૂલો તથા વનસ્પતિજન્ય પદાર્થો મોજુદ છે, તો પંચેંદ્રિય પ્રાણીઓનો વધ શા માટે કરવો ? જો એમ માનવામાં આવતું હોય કે માંસાહારથી વધારે પુષ્ટ થવાય છે, તો એ માન્યતા વૈજ્ઞાનિક તથ્યથી વેગળી છે અને ગતાનુગતિકતાથી ચાલે છે; કારણ કે માત્ર વનસ્પતિનું ભક્ષણ કરનારા હાથી, ઘોડા, બળદ વગેરેમાં ઘણું બળ હોય છે અને કેવળ વનસ્પતિના આહાર પર રહેનારા પહેલવાનોએ માંસાહારી પહેલવાનોને કુસ્તીના મેદાનમાં અનેક વાર હરાવેલા છે.

કેટલાક મનુષ્યો એમ માને છે કે-માછલાં એ તો જળડોડી છે એટલે કે જળની વનસ્પતિ છે, માટે તેનું ભક્ષણ કરવામાં શું વાંધો ? પરંતુ તેમની એ માન્યતા ભૂલભરેલી છે. માછલાં એ પંચેંદ્રિય જલચર પ્રાણી છે અને તેને પણ અન્ય પ્રાણીઓ જેટલી જ સુખ-દુઃખની વેદના હોય છે, તેથી તેનો શિકાર કરવો અને તેનાથી ઉદરપૂર્તિ કરવી એ કોઈ પણ રીતે ઉચિત નથી.

કેટલાક મુગ્ધ મનુષ્યો એમ માને છે કે પ્રાણીઓને જાતે મારીએ અને તેનું માંસ વાપરીએ તો પાપ લાગે પણ બીજા-

એ મારેલાં પ્રાણીઓનું માંસ વેચાતું લાવીને વાપરીએ તેમાં શું દોષ ? આ મનુષ્યોએ એમ સમજવું ઘટે છે કે—માંસ ખાનારાઓ છે, માટે જ માંસ વેચનારાઓ જીવની હિંસા કરે છે, તેથી જેઓ માંસ ખાય છે, તેને જ જીવહિંસાનું પાપ લાગે છે. આ વિષયમાં સ્મૃતિકાર મનુઋષિના શબ્દો મનન કરવા યોગ્ય છે. તે કહે છે કે–'માંસના વિષયમાં અનુમોદન આપનાર, વિભાગ કરનાર, ઘાત કરનાર, વેપાર કરનાર, રાંધનાર, પીરસનાર અને ખાનાર એ બધા જ ઘાતક છે.'

એમ કહેવાય છે કે—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ १ ॥

વ્યવહારકુશલ માણુસો નિંદા કરે કે સ્તુતિ કરે, લક્ષ્મી ઈચ્છા પ્રમાણે આવે કે જાય અથવા મરણ આજે જ થાય કે કાળાંતરે થાય, પણ ધીર પુરુષો ન્યાયના માર્ગથી જરા પણ ચલિત થતા નથી.

તો હિંસા એ કયા પ્રકારનો ન્યાય છે ? આપણા પ્રાણ જેટલા આપણને પ્રિય છે, તેટલા અન્યના પ્રાણ અન્યને પ્રિય છે કે નહિ ? અથવા જીવવાનું જેવું આપણને ગમે છે, તેવું બીજાને પણ ગમે છે કે નહિ ? અથવા આપણને એક નાનો સરખો કાંકરો ખૂંચે કે બાવળ–બોરડીનો કાંટો વાગે તો પણ કેટલું દુઃખ થાય છે ? તો જેનાં અંગો તીક્ષ્ણ ધારવાળા શસ્ત્રોથી

છેદાતાં હશે, તેને કેટલું દુઃખ થતું હશે ? તેથી કોઈ પણ પ્રાણીની હિંસા કરવી એ ઘોર અન્યાય છે.

હિંસાનું સ્વરૂપ વિચારીએ તો કોઈ પણ પ્રાણીને નિર્દય માર મારવો, ગાઢ બંધનથી બાંધવું, તેનાં અંગોપાંગ છેદવાં, તેની પાસે ગજા ઉપરાંત ભાર ઉપડાવવો કે ગજા ઉપરાંત કામ કરાવવું અને તેને ભૂખ્યું-તરસ્યું રાખવું એ પણ એક પ્રકારની હિંસા જ છે, કારણ કે તેથી તેને અત્યંત દુઃખ થાય છે. વળી હિંસા જેમ કાયાથી થાય છે, તેમ વાણી અને મનથી પણ થાય છે. કોઈને ખરાબ શબ્દો કહેવા અને તેના દિલને આઘાત પહોંચાડવો, એ વાણીની હિંસા છે અને મનથી બૂરું ચિંતવવું એ માનસિક હિંસા છે.

આ રીતે હિંસાનું સ્વરૂપ જાણીને જે સુજ્ઞ પુરુષો તેનો મન, વચન અને કાયાથી ત્યાગ કરે છે, તે સાચા દયાળુ છે. જેઓ હિંસાનો સંપૂર્ણ ત્યાગ ન કરી શકે તે યથાશક્તિ ત્યાગ કરે. પણ હૃદયમાં દયાનો દીપ સદા જલતો રાખે. જ્યાં દયા છે, કરુણા છે, અનુકંપા છે ત્યાં જ સમતા અને શાંતિ છે. એ વાત કદિ પણ ભૂલવી નહિ.

## ૨. મૃષાવાદ (અસત્ય)

પાપનું બીજું ઉદ્ગમસ્થાન મૃષાવાદ છે. મૃષાવાદ એટલે કઠોર, અહિતકર કે અસત્ય કથન. કઠોર વચનપ્રયોગ કરવાથી અન્યનું દિલ દુભાય છે, વૈર બંધાય છે અને કેટલીક વાર તો પ્રાણહાનિ પણ થાય છે. કહ્યું છે કે—

**न तथा रिपुर्न शस्त्रं न विषं, न हि दारुणो महाव्याधिः ।**
**उद्वेजयन्ति पुरुषं यथा हि कटुकाक्षरा वाणी ॥ १ ॥**

પુરુષને જેટલો સંતાપ કઠોર અક્ષરોવાળી વાણીથી થાય છે, તેટલો સંતાપ શત્રુ, શસ્ત્ર, વિષ કે દારુણ મહાવ્યાધિથી પણ થતો નથી.

પાંડવોએ સુંદર મીનાકારીવાળો મહેલ બનાવ્યો અને તેની ફરસબંધી કાચવડે કરી. પછી કૌરવોને તે મહેલ જોવાનું આમંત્રણ આપ્યું, ત્યારે કૌરવો આવ્યા અને તેમણે ' નીચે પાણી ભરેલું છે, ' એમ માનીને કપડાં ઊંચા લઈ ચાલવા માંડયું. તે વખતે દ્રૌપદીએ કહ્યું કે ' આંધળાના તો આંધળા જ હોય ને ? ' આ કઠોર વચન કૌરવોની છાતીમાં તાતા તીરની જેમ ખૂતી ગયું અને તેનાથી જે સંતાપ થયો તે ભયંકર વૈરમાં પરિણમ્યો, જેનું છેવટ મહાભારતના ખૂનખાર યુદ્ધમાં આવ્યું. તાત્પર્ય કે-ક્રોધ, અભિમાન કે મશ્કરીમાં કોઈને પણ કઠોર વચન કહેવું નહિ. એક કવિએ ઠીક જ કહ્યું છે કે—

**वरं मौनेन नीयन्ते, कोकिलैरिव वासराः ।**
**यावत्सर्वजनानन्ददायिनी गीः प्रवर्त्तते ॥ १ ॥**

જ્યાં સુધી પોતાની વાણી સર્વ જનોને આનંદ આપે તેવી મધુર થતી નથી, ત્યાં સુધી કોયલ મૌનમાં દિવસો પસાર કરે છે. તેવી રીતે મનુષ્ય બીજાને આનંદ ઉપજાવે તેવી વાણી ન બોલી શકે, તો તેણે પોતાના દિવસો મૌનમાં પસાર કરવા સારા.

અથવા એ પણ ઉચિત જ કહેવાયું છે કે—

**प्रस्तुतं हेतुसंयुक्तं, शुद्धं साधुजनप्रियम् ।**
**यो वक्तुं नैव जानाति, स जिह्वां किं न रक्षति ? ॥१॥**

જે પુરુષ વિષયને અનુરૂપ, હેતુ સહિત, શુદ્ધ અને મહાત્માઓને પ્રિય લાગે તેવું બોલવાનું જાણતો નથી, તે પોતાની જીભને કાબૂમાં કેમ રાખતો નથી ? અર્થાત્ એવા પુરુષોએ મૌન સેવવું એ જ ઉચિત છે.

આ વિષયમાં નીતિકારોનાં વચનો પણ ધ્યાનમાં લેવા જેવાં છે. આ રહ્યાં તે વચનો:

**स्वजिह्वा नो वशे यस्य, जल्पने भोजने तथा ।**
**स भवेद्दुःखितो नित्यमात्मनो दुष्टचेष्टितैः ॥ १ ॥**

બોલવામાં તથા ખાવામાં જેની જીભ વશ નથી, તે પોતાનાં એ દુષ્ટ ચેષ્ટિતવડે નિત્ય દુઃખી થાય છે.

**रे जिह्वे ! कटुकस्नेहे !, मधुरं किं न भाषसे ? ।**
**मधुरं वद कल्याणि !, लोको हि मधुरप्रियः ॥ १ ॥**

કટુતા પ્રત્યે પ્રેમ ધરાવનારી હે જીભ ! તું મધુર કેમ બોલતી નથી ? હે કલ્યાણી ! તું મધુર બોલ, કારણ કે લોકોને મધુર વાણી જ પ્રિય લાગે છે.

**प्रियवाक्यप्रदानेन, सर्वे तुष्यन्ति जन्तवः ।**
**तस्मात्तदेव कर्त्तव्यं, वचने किं दरिद्रता ? ॥ १ ॥**

સર્વે પ્રાણીઓ પ્રિય વાણીવ્યવહારથી પ્રસન્ન થાય છે, તેથી તેવો જ વ્યવહાર કરવો, વચનમાં દરિદ્રતા શા માટે રાખવી ?

લોકભાષામાં પણ કહ્યું છે કે—

અંધાને અંધો કહે, વરવું (કડવું) લાગે વેણ;
ધીરે ધીરે પૂછીએ, શાથી ખોયાં નેણ ?

આંધળાને પણ આંધળો કહેવો નહિ, કારણ કે એ જાતનો વાણીવ્યવહાર વરવો (વિષમ) લાગે છે; પરંતુ તેને એમ પૂછવું કે- ભાઈ! કેમ કરતાં તમારી દૃષ્ટિ ઝાંખી પડી ગઈ?

સાધુપુરુષો કોઈને પણ સંબોધન કરતાં ‘ મહાશય ! ’ ‘ મહાનુભાવ ! ’, ‘ દેવાનુપ્રિય ! એવા શબ્દો વાપરે છે અને સદ્‌ગૃહસ્થો પણ ‘ આપ ’ ‘ શ્રીમાન્ ’ વગેરે શબ્દોનો ઉપયોગ કરે છે, તે અનુકરણ કરવા યોગ્ય છે. કારણ કે—

न तथा शशी न सलिलं, न चन्दनरसो शीतला छाया ।
आह्लादयन्ति पुरुषं, यथा हि मधुराक्षरा वाणी ॥ १ ॥

મધુર અક્ષરોવાળી વાણી પુરુષને જેટલો આનંદ આપે છે, તેટલો આનંદ ચંદ્રમા, જલ, ચંદનરસ કે શીતળ છાયા પણ આપી શકતી નથી.

કેટલાક મનુષ્યો વાતવાતમાં અપશબ્દોનો ઉપયોગ કરે છે અને ‘ મૂર્ખ ’, ‘ બેવકૂફ, ’ ગધેડા, ‘ લુચ્ચા, ’ ‘ પાજી, ’ ‘ નાલાયક ’ વગેરે અનુચિત શબ્દો વાપરે છે, તે એક પ્રકારની કઠોર અસભ્ય વાણી છે, તેથી સુજ્ઞ પુરુષોએ તેનો સદંતર ત્યાગ કરવો ઘટે છે.

જે વાણી સાંભળવામાં મધુર હોય પણ અહિતકર હોય એટલે કે તેનાથી બીજાનું અહિત થતું હોય, તો તેવી વાણીનો વ્યવહાર કરવો ઉચિત નથી. કહ્યું છે કે—

**हितं मितं प्रियं स्निग्धं, मधुरं परिणतिप्रियम् ।**
**भोजनं वचनं चापि, भुक्तमुक्तं प्रशस्यते ॥ १ ॥**

તે ભોજન જમેલું અને તે વચન બોલેલું ઉત્તમ ગણાય છે કે જે હિત એટલે લાભકર્ત્તા હોય, મિત એટલે માપસર હોય, પ્રિય એટલે રુચિકર હોય, સ્નિગ્ધ એટલે ઘી તેલવાળું કે સારા શબ્દોવાળું હોય, મધુર એટલે સ્વાદિષ્ટ કે કર્ણપ્રિય હોય અને પાકકાળે કે પરિણામે ઈષ્ટ હોય.

અહિતકર વચન બોલવું, તેના કરતાં મૌન રહેવું શું ખોટું ?

જે વાણી મધુર હોય અને હિતકર હોય પણ તથ્યથી વેગળી હોય એટલે કે અસત્ય હોય, તે પણ બોલવી ઉચિત નથી. કહ્યું છે કે—

**वितहं वि तहामुत्तिं, जं गिरं भासए नरो ।**
**तम्हा सो पुट्ठो पावेणं, किं पुण जो मुसं वए ? ॥ १ ॥**

જે મનુષ્ય ભૂલથી પણ દેખીતું સત્ય પરંતુ વાસ્તવિક અસત્ય એવું વચન બોલે છે, તે પાપથી ખરડાય છે; તો જેઓ જાણી-બૂઝીને અસત્ય બોલે છે, એના પાપનું તો કહેવું જ શું ?

તાત્પર્ય કે-કઠોર, અહિતકર અને અસત્ય વચન બોલવું એ પાપના પ્રવાહને ગતિમાન કરનારો મૃષાવાદ છે, તેથી તેનો સદંતર ત્યાગ કરવો ઘટે છે. નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ॥ १ ॥

પોતાના સ્વાર્થને માટે કે બીજાના લાભને માટે, ક્રોધથી અથવા ભયથી કોઈ પણ પ્રસંગે બીજાને પીડા પહોંચાડનારું મૃષાવચન પોતે બોલવું નહિ અને બીજા પાસે બોલાવવું પણ નહિ.

दिट्ठं मियं असंदिद्धं, पडिपुण्णं वियंजियं ।
अयंपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥ १ ॥

આત્માર્થી સાધકે સત્ય, પરિમિત, અસંદિગ્ધ, પરિપૂર્ણ, સ્પષ્ટ અનુભૂત, વાચાલતા રહિત અને કોઈને પણ ઉદ્વેગ ન પમાડનારી વાણી બોલવી જોઈએ.

કેટલાક મનુષ્યો એમ માને છે કે–જૂઠું બોલીને બીજાને છેતર્યા વિના ધંધો ચાલે નહિ કે ધંધામાં સફળતા મળે નહિ, તેમણે યુગયુગના અનુભવ પછી મહર્ષિઓએ ઉચ્ચારેલા આ શબ્દો યાદ રાખવા ઘટે છે કે ' सत्यमेव जयते नानृतम् '– સત્ય જ જય પામે છે, નહિ કે અસત્ય. જૂઠું બોલવાથી ગ્રાહકો એક–બે વાર છેતરાય છે, પણ આખરે તેમનો વિશ્વાસ ઊઠી જાય છે અને પરિણામે ધંધામાં નુકશાની વેઠવી પડે છે. બીજી બાજુ સાચું બોલનાર ધીમે ધીમે પણ મક્કમપણે પ્રતિષ્ઠા જમાવતો જાય છે, તેથી તેનો ધંધો દિન–પ્રતિદિન વિકાસ પામે છે અને છેવટે તેનો જય થાય છે.

એટલે બીજાને છેતર્યા વિના ધંધો ચાલે નહિ કે ધંધામાં સફલતા મળે નહિ એ માન્યતા ખોટી છે.

કેટલાક મનુષ્યો 'બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી' જેવી વાતો કરે છે ત્યારે જ સંતોષ પામે છે; તો કેટલાક મનુષ્યો રજમાંથી ગજ કરે છે, એટલે કે એક નાની સરખી વાતને શણગારીને ખૂબ મોટી બનાવી દે છે કે તેમાં મીઠું-મરચું ભભરાવીને તેને ઘણી જ તીખી-તમતમતી બનાવી દે છે. આ જાતની આદતથી તેમને પોતાને મોટું નુકશાન એ થાય છે કે તેમની વાતનો કોઈ વિશ્વાસ કરતું નથી અને બીજાને જે નુકશાન થાય છે, તેનો તો અંદાજ કાઢવો પણ મુશ્કેલ છે. ગપ્પાંઓએ કે અર્ધસત્ય વાતોએ અનેક મનુષ્યોના શાંત સંસારને સળગાવી દીધા છે, અનેક આબરુદાર માણસોની આબરુનાં લીલામ કર્યાં છે અને અનેક પ્રામાણિક માણસોની પ્રતિષ્ઠાનો નિર્દયપણે નાશ કર્યો છે; તેથી ઉચિત એ છે કે-પાપીઓની પંક્તિમાં ન બેસવા ઈચ્છનારે કોઈ પણ જાતનું ગપ્પું મારવું નહિ કે કોઈ પણ વાતને મીઠું-મરચું ભભરાવી-ને કહેવી નહિ.

મૃષાવાદનો ત્યાગ કરનારે ઊંડાણમાં ઉતર્યા વિના કોઈ પર આક્ષેપ મૂકવો, એ યોગ્ય નથી. તેમ જ કોઈ બે કે વધારે વ્યક્તિઓ એકાંતમાં ઊભી રહીને વાતો કરતી હોય, તો તેઓ અમુક પ્રકારની વાતો કરતા હતા, એવું ઉતાવળું અનુમાન કરી લેવું, એ પણ ઉચિત નથી; કારણ કે એવાં અનુમાનો ઘણીવાર સદંતર ખોટાં હોય છે. વળી સ્ત્રીની કે મિત્રોની છુપી વાતોને પ્રકટ કરી દેવી અને તેમને અતિ કઢંગી હાલતમાં મૂકી દેવાં, એ પણ એટલું જ અનુચિત છે. તે જ રીતે કોઈ પણ માણસને ખોટી સલાહ આપવી કે બે માણુસ વચ્ચે તકરાર

થાય તેવી વાત કહેવી કે જે શાસ્ત્રો જાણવામાં નથી, તે જાણવાનો ડોળ કરી, તેના વિષે ભળતી જ સલાહ આવી, તે પણ અનુચિત છે. અને ખોટા ચોપડા લખવા, બનાવટી દસ્તાવેજો ઊભા કરવા કે કામના કાગળોના અક્ષરો ફેરવી નાખવા, એ પણ તેટલું જ અનુચિત છે.

અનેક અનર્થના કારણરૂપ મૃષાવાદનો મન, વચન અને કાયાથી ત્યાગ કરનાર પાપના પ્રવાહને મોટા પ્રમાણમાં અટકાવી શકે છે અને આ જીવનમાં સફલતા પ્રાપ્ત કરી પારમાર્થિક હિતની સાધના પણ કરી શકે છે. વળી એ વાત પણ સદૈવ યાદ રાખવી ઘટે છે કે વ્યવહારમાં સત્યનું પ્રમાણ જેટલું વધારે, તેટલું આ જગતમાં સમતા, શાંતિ અને વ્યવસ્થાનું પ્રમાણ વધારે. તેથી સમાજસેવા, રાષ્ટ્રોદ્ધાર કે વિશ્વવાત્સલ્ય ઇચ્છનારે સત્યને આગળ કરીને જ સઘળો વ્યવહાર ચલાવવો ઇષ્ટ છે.

યોગશાસ્ત્રના મતથી સદા સત્ય બોલનારને વચન–સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે કે તે જે પ્રમાણે બોલે છે તેવી જ ઘટનાઓ બને છે.

## ૩. અદત્તાદાન (ચોરી)

પાપનું ત્રીજું ઉદ્ગમસ્થાન અદત્તાદાન છે. અદત્ત એટલે અણદીધેલું કે ન આપેલું અને આદાન એટલે ગ્રહણ કરવું કે લેવું, અર્થાત્ જે વસ્તુ તેના માલીકે રાજીખુશીથી આપેલી નથી તે લઈ લેવી, એ અદત્તાદાન છે. ચોરી, સ્તેય, પરદ્રવ્યહરણ એ તેના પર્યાયશબ્દો છે.

દ્રવ્ય એ મનુષ્યનો અગિયારમો પ્રાણ છે, કારણ કે ગૃહસ્થ જીવનનો સઘળો વ્યવહાર તેના આધારે જ ચાલે છે. આવા અગિયારમા પ્રાણસમા ધનનું હરણ કરવાથી તેના માલિકને આઘાત થાય એ સ્વાભાવિક છે. આ આઘાત કેટલીક વાર એટલો મોટો હોય છે કે તેના લીધે મૂર્છા આવી જાય છે, ઉન્માદ લાગુ પડે છે કે પ્રાણપંખેરું જ ઊડી જાય છે; તેથી કોઈના પણ દ્રવ્યનું હરણ કરવું એ ભયંકર પાપ છે.

નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે–' **दन्तसोहणमाइस्स अदत्तस्स विवज्जणं**–દાંત ખોતરવાની સળી પણ તેના માલીકે આપ્યા વિના લેવી નહિ.'

तिव्वं तसे पाणिणो थावरे य,
जे हिंसति आयसुहं पडुच्च ।
जे लूसए होइ अदत्तहारी,
ण सिक्खई सेयवियस्स किंचि ॥ १ ॥

જે મનુષ્ય પોતાના સુખને માટે ત્રસ તથા સ્થાવર પ્રાણીઓની હિંસા કરે છે, જે બીજાની વસ્તુઓ અણલીધી લઈ લે છે અર્થાત્ ચોરી લે છે તથા જે આદરણીય વ્રતોનું કંઈ પાલન કરતો નથી, તે ભયંકર કલેશ પામે છે.

उड्ढं अहे य तिरियं दिसासु,
तसा य जे थावर जे य पाणा ।
हत्थेहिं पाएहिं य संजमित्ता,
अदिन्नमन्नेसु य नो गहेज्जा ॥ १ ॥

આત્માર્થી પુરુષે ઊંચી, નીચી અને તિરછી દિશા કે જ્યાં ત્રસ અને સ્થાવર [ હાલતાચાલતા તથા સ્થિર ] પ્રાણીઓ રહેલાં છે, તેમને હાથ, પગ હલાવીને કે બીજાં અંગોદ્વારા પીડા ન પહોંચાડતાં સંયમથી રહેવું અને બીજાએ આપેલી વસ્તુ ગ્રહણ કરવી નહિ.

**वरं वह्निशिखाः पीताः, सर्पास्यं चुम्बितं वरम् ।**
**वरं हालाहलं लीढं, परस्वहरणं न हि ॥ १ ॥**

અન્યત્ર પણ કહ્યું છે કે—

અગ્નિશિખાઓનું પાન કરવું સારું, સર્પના મુખને ચુંબન કરવું સારું અથવા હળાહળ ઝેરને ચાટી જવું સારું, પણ બીજાનું દ્રવ્ય હરણ કરવું સારું નહિ.

ધાડ પાડવી, લૂંટ ચલાવવી, વાટ આંતરવી, ખાતર પાડવું, ખીસ્સા કાતરવાં, નજર ચૂકાવીને વસ્તુ ઉઠાવી લેવી કે માલિકની ગેરહાજરીમાં તેના પેટી-પટારા ખોલીને કે ગાંસડીઓ છોડીને માલ તફડાવી લેવો એ અદત્તાદાનના કે ચોરીના ભિન્ન ભિન્ન પ્રકારો છે. તે જ રીતે ઠગાઈ કરીને, છેતરપીંડી કરીને, બનાવટ કરીને કે હરકોઈ યુક્તિથી બીજાનું ધન પડાવી લેવું એ પણ અદત્તાદાન કે ચોરીનો જ પ્રકાર છે.

નીતિકારોએ કહ્યું છે કે—

**चारैश्चौरापको मन्त्री, भेदज्ञः काणकक्रयी ।**
**अन्नदः स्थानदश्चेति, चौरः सप्तविधः स्मृतः ॥ १ ॥**

(૧) સ્વયં ચોરી કરનાર, (૨) બીજાની પાસે ચોરી કરાવ-

નાર, (૩) ચોરી કેમ કરવી તેની સલાહ આપનાર, (૪) ચોરીનો ભેદ જાણનાર, (૫) ચોરી લાવેલી વસ્તુઓને વેચી આપનાર, (૬) ચોરને રોટલો આપનાર અને (૭) ચોરને ઓટલો આપનાર, એમ સાત પ્રકારના ચોરો છે.

તે જ રીતે શાસ્ત્રકારોએ ચોરને ઉત્પન્ન કરનારી અઢાર પ્રકારની ચોર-પ્રસૂતિઓ કહી છે, તે આ પ્રમાણે—

मलनं कुशलं तर्जा, राजभागोऽवलोकनम् ।
अमार्गदर्शनं शय्या, पदभङ्गास्तथैव च ॥ १ ॥
विश्रामः पादपतनं, वासनं गोपनं तथा ।
खण्डस्य खादनं चैव, तथाऽन्यन्माहाराजिकम् ॥२॥
पद्याग्न्युदकरज्जूनां, प्रदानं ज्ञानपूर्वकम् ।
एताः प्रसूतयो ज्ञेया, अष्टादश मनीषिभिः ॥ ३ ॥

૧ **ભલન**-ચોરને એમ કહીને ઉત્સાહ આપવો કે 'હું તારા ભેગો છું, તું ડરે છે શા માટે ?'

૨ **કુશલ**-ચોરને એમ પૂછવું કે 'કેમ ભાઈ કુશલ છો ? તમારાં છોકરાં-છૈયાં મજામાં છે ? હમણાં શરીર કંઈક સુકાઈ ગયું લાગે છે !' વગેરે. આવી રીતે તેનું ક્ષેમકુશલ પૂછવાથી તેને એમ લાગે છે કે મારી સારસંભાળ લેનાર-મારું ક્ષેમકુશલ પૂછનાર છે, એટલે તેને એક જાતનું પ્રોત્સાહન મળે છે.

૩ **તર્જા**-ચોરને હાથ, પગ વગેરેવડે સંજ્ઞા કરીને મદદ કરવી.

૪ **રાજભાગ**-રાજ્યનો કર છુપાવવા મદદ કરવી.

૫ **અવલોકન**–ચોરી કરી રહેલા ચોરના માર્ગનું અવલોકન કરતાં રહેવું અને ભય જેવું જણાતાં સંજ્ઞાથી ખબર આપી દેવી.

૬ **અમાર્ગદર્શન**–ચોરને પકડવા માટે સિપાઈઓ, પગીઓ કે બીજા લોકો આવે અને પૂછે કે 'ચોર ક્યાં ગયા ?' તો રસ્તો બતાવવો નહિ કે ભળતો જ રસ્તો બતાવવો.

૭ **શય્યા**–ચોરને સૂઈ રહેવા માટે શય્યા આપવી.

૮ **પદભંગ**–ચોરનાં જે પગલાં પડેલાં હોય, તેને ભૂંસી નાખવાં.

૯ **વિશ્રામ**–ચોરને વિસામો લેવા માટે જગ્યા આપવી.

૧૦ **પાદપતન**–ચોરને નમસ્કાર કરવો કે પગે પડવું.

૧૧ **આસન**–ચોરને બેસવા માટે આસન આપવું.

૧૨ **ગોપન**–ચોરને પોતાની જગ્યામાં છુપાવવો.

૧૩ **ખંડદાન**–ચોરને ખાવા માટે સારી વસ્તુઓ આપવી.

૧૪ **માહારાજિક**–ચોરને મહારાજાની જેમ માન આપવું.

૧૫ **પદ્ય**–ચોરને પગે ચોળવા માટે તેલ વગેરે આપવું.

૧૬ **અગ્નિ**–ચોરને રસોઈપાણી બનાવવા માટે અગ્નિ આપવો.

૧૭ **ઉદક**–ચોરને નહાવા–ધોવા માટે પાણી આપવું.

૧૮ **રજ્જુ**–ચોરને ઢોર વગેરે બાંધવા માટે દોરડાં આપવાં.

તાત્પર્ય એ કે–ચોરી કરનારને ઉત્તેજન મળે તેવું કંઈ પણ કરવું એ પણ ચોરી જ છે.

ચોરીના સ્વરૂપનો વિચાર કરીએ તો માલમાં સેળભેળ કરવી કે સાચાને બદલે નકલી માલ આપવો તે પણ એક પ્રકારની ચોરી જ છે. દૂધમાં પાણી નાખવું, આટામાં ચાક ભેળવવો, ઘીમાં વેજીટેબલ ઉમેરવું, તલના તેલમાં મગફળીનું તેલ નાખવું, સારાં અનાજમાં હલકાં અનાજનો ભેગ કરવો, કેસર-કસ્તૂરી-અંબર-કપૂર વગેરે કિંમતી પદાર્થો નકલી બનાવીને આપવા, ઔષધને તાજાં કહીને વાસી આપવા, સોનાનાં ઘરેણાં કહીને પિત્તળનાં ઘરેણાં પધરાવી દેવાં, વગેરે પણ ચોરી જ છે, કારણ કે તેથી બીજી વ્યક્તિનું ધન તેની ઇચ્છા વિના લઈ લેવાય છે.

ખેતી, વેપાર-ઉદ્યોગ કે હુન્નર-ધંધા વગેરે માટે રાજ્ય જે સગવડ અને સલામતી આપે છે, તેના પેટે આવકનો અમુક ભાગ લેવાને તે હક્કદાર છે; પછી એ ભાગ સીધો લે કે કરવેરારૂપે વસુલ કરે. આ ભાગ આપવાના અખાડા કરવા કે યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવીને તેણે નાખેલા કરવેરા ન ભરવા, તે પણ એક પ્રકારની ચોરી જ છે. શાસ્ત્રકારો તો ત્યાં સુધી કહે છે કે 'રાજદંડ ઉપજે તે ચોરી.' એટલે જે કામો કરવાથી રાજાને દંડ કરવો પડે, તે બધાનો સમાવેશ ચોરીમાં થાય છે.

આ ઉપરાંત ખોટાં તોલ અને ખોટાં માપ રાખવાં એ પણ એક પ્રકારની ચોરી જ છે. કેટલાક લેવાનાં કાટલામાં નીચે સીસું ચોટાડી તેને વધારે વજનદાર બનાવી દે છે અને એ રીતે ગ્રાહકોને છેતરીને તેની પાસેથી વધારે માલ લઈ લે છે તથા આપવાનાં કાટલાંને નીચેથી ખોદી નાખીને તેને ઓછાં વજનનું બનાવી દે છે અને એ રીતે ગ્રાહકને ઓછો માલ

આપે છે. તો કેટલાક ડાંડી મરડીને વધારે લે છે કે ઓછું આપે છે અને કેટલાક વારની કરામતથી વધારે લઈ લે છે કે ઓછું આપે છે.

તે જ રીતે કેટલાક કાપડ વગેરે પર અમુક લંબાઈનું કે અમુક વજનનું સીલ કે સિક્કો માર્યા પછી તેમાં થોડું ઓછું આપે છે અને એ રીતે ગ્રાહકોને છેતરે છે. અને કેટલાક અમુક કલાક કામ કરવાનો ઠરાવ કરવા છતાં તેથી ઓછા કલાક કામ કરે છે કે જાણી જોઈને બરાબર કામ કરતા નથી. આ બધી એક પ્રકારની ચોરીઓ જ છે, એટલે અદત્તાદાનના ત્યાગ કરનારે તેનાથી બચવું ઘટે છે.

ચોરી કરનાર જાણતાં કે અજાણતાં બીજા અનેક દુર્ગુણોને વશ થાય છે, તે પણ ભૂલવા જેવું નથી. જેમ કે તે જૂઠું બોલે છે, બીજાને છેતરે છે, પ્રપંચો કરે છે, જરૂર પડે તો છરી ચલાવે છે કે ખૂન પણ કરે છે. વળી અન્ય ચોરલોકોની સોબતમાં તે દારુ પીતાં શીખે છે, રંડીબાજી પણ કરે છે અને જુગાર વગેરે ખેલવાના નાદે પણ ચડે છે. આ રીતે ચોરી અનેક દુર્ગુણોની ખાણ હોઈને સદંતર છોડવા યોગ્ય છે.

ચોરી કરનારનો કોઈ વિશ્વાસ કરતું નથી, માથે ભય ઝઝૂમ્યા કરે છે, લોકોનો માર ખાવો પડે છે તથા કેદખાનામાં પૂરાઈ અનેક પ્રકારની શિક્ષાઓ ભોગવવી પડે છે. વળી પર-લોકમાં પણ નરકાદિ ગતિમાં જવું પડે છે અને ભયંકર દુઃખો ભોગવવાં પડે છે, તેથી સુજ્ઞ મનુષ્યોએ ચોરીનો સદા સંપૂર્ણ ત્યાગ કરવો ઘટે છે.

'ચોરીનું ચંડાળે જાય, પાપી હાથ ઘસતો થાય' એ કહેવત પણ વિચારવા જેવી છે. જે ધન મહેનત-મજૂરી કરીને કે પ્રામાણિકતાથી પેદા કર્યું હોય છે, તે મનુષ્યને સુખ અને શાંતિ આપે છે; જ્યારે ચોરીને ભેગું કરેલું ધન અનેક પ્રકારની આફતોનો અનુભવ કરાવે છે તથા કદિ પણ નિરાંત લેવા દેતું નથી. તે માટે પણ સુજ્ઞોએ પારકા માલથી પૈસાદાર થવાનો મોહ છોડી પ્રામાણિકતાનો આશ્રય લેવો ઘટે છે.

## ૪. મૈથુન.

મિથુન શબ્દ સ્ત્રી-પુરુષના યુગલનો નિદર્શક છે, એટલે પુરુષ સ્ત્રીસંગની ઇચ્છાથી કે સ્ત્રી પુરુષસંગની ઇચ્છાથી તેની સાથે જે ક્રીડા કરે છે તેને મૈથુન કહેવાય છે. સંભોગ, રમણ, કામક્રીડા, કંદર્પલીલા એ તેના પર્યાયશબ્દો છે.

શાસ્ત્રકારોએ મૈથુનને દુઃસેવ્ય, પ્રમાદસ્વરૂપ અને ભયંકર કહ્યું છે. કારણ કે—

**इत्थीण जोणिमज्झे, गब्भगया हुंति नवलक्खा जीवा ।**
**उप्पज्जंति चयंति अ, समुच्छिमा जे ते असंखा ॥**
**पुरिसेण सह गयाए, तेसिं जीवाण होइ उद्दवणं ।**
**वेणुगदिट्ठंतेणं, तत्तायसिलागनाएणं ॥ १ ॥**

સ્ત્રીની યોનિમાં ગર્ભગત જીવો નવ લાખ હોય છે તથા સંમૂર્ચ્છિમ જીવો અસંખ્ય હોય છે, જે ત્યાં જ ઉત્પન્ન થાય છે અને ત્યાં જ મરે છે. આ જીવો પુરુષનો સંગ થવાથી નાશ પામે છે કે જે રીતે વાંસની ભૂંગળીમાં રહેલા જીવો તપેલો લોઢાનો સળીઓ ખોસવાથી નાશ પામે છે.

કામશાસ્ત્રના રચયિતા વાત્સ્યાયને પણ કહ્યું છે કે–

**रक्तजाः कृमयः सूक्ष्मा, मृदुमध्याधिशक्तयः ।**
**जन्यवर्त्मसु कंडूर्ति, जनयन्ति तथाविधाम् ॥ १ ॥**

લોહીથી પેદા થયેલ, સૂક્ષ્મ, મૃદુ, મધ્યમ, અધિક શક્તિ-વાળા કૃમિઓ સ્ત્રીના યોનિમાર્ગમાં તથાપ્રકારની–પોતાની શક્તિ મુજબની ખરજ ઉત્પન્ન કરે છે.

શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–

**स्त्रीसंभोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति ।**
**स हुताशं घृताहुत्या, विध्यापयितुमिच्छति ॥ १ ॥**

જે મનુષ્ય સ્ત્રીસંગ કરીને કામરૂપી જ્વરને શાંત કરવા ઇચ્છે છે, તે બળતા અગ્નિમાં ઘી હોમીને અગ્નિને બૂઝાવવા ઇચ્છે છે. તાત્પર્ય કે–સ્ત્રીસંગ કરવાથી કામની શાંતિ થતી નથી પણ વિશેષ ઉદીરણા થાય છે.

**वरं ज्वलदयःस्तम्भपरिरम्भो विधीयते ।**
**न पुनर्नरकद्वारं, रामाजघनसेवनम् ॥ १ ॥**

અગ્નિથી જાજ્વલ્યમાન થયેલા લોઢાના સ્તંભને આલિંગન કરવું સારું પણ નરકનાં દ્વાર તુલ્ય સ્ત્રીઓના જઘનનું સેવન કરવું સારું નહિ.

તેમણે વિષયાસક્તોને ઉદ્દેશીને કહ્યું છે કે–

**रम्यमापातमात्रेण, परिणामेऽतिदारुणम् ।**
**किम्पाकफलसंकाशं, तत्कः सेवेत मैथुनम् ? ॥ १ ॥**

કિંપાકના ફલ સરખું દેખાવ માત્રથી રમણીય પણ પરિણામે ભયંકર દુઃખ આપનારું મૈથુન સેવવાની ઇચ્છા કોણ કરે ?

**कम्पः स्वेदः श्रमो मूर्च्छा, भ्रमिर्ग्लानिर्बलक्षयः ।**
**राजयक्ष्मादिरोगाश्च, भवेयुर्मैथुनोत्थिताः ॥ १ ॥**

કંપ, પરસેવો, પરિશ્રમ, મૂર્ચ્છા, ચકરી, ગ્લાનિ, નિર્બળતા, ક્ષય અને ભગંદરાદિ મહારોગો મૈથુનથી લાગુ પડે છે. વિષયાસકિતમાંથી મનને ખેંચી લેવાનું કામ ધારવા જેટલું સહેલું નથી. કહ્યું છે કે '**बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति**–ઇંદ્રિયોનો સમૂહ બળવાન છે અને તે વિદ્વાનોને પણ ખેંચી જાય છે.' અને તેથી જ અનુભવી પુરુષોનો એ અભિપ્રાય છે કે '**एकमेव व्रतं श्लाघ्यं, ब्रह्मचर्यं जगत्त्रये**'–ત્રણ જગત્‌માં બ્રહ્મચર્ય વ્રત એક જ વખાણવા યોગ્ય છે.'

સર્વથા બ્રહ્મચર્ય પાળવા જેટલું આત્મબળ જો ન હોય તો ગૃહસ્થોને માટે સ્વદારાસંતોષ–પરદારાગમનવિરમણ એ બ્રહ્મચર્ય તુલ્ય છે, તેથી સુજ્ઞ પુરુષોએ પોતાની સ્ત્રીથી જ સંતોષ પામવો અને પરદારાગમનનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે. પોતાની સ્ત્રી સાથે પણ મર્યાદિત રીતે વર્તવું અને નિન્દિત વિષયભોગનો ત્યાગ કરવો ઘટે છે. આદર્શ ગૃહસ્થો નીચેના દિવસોએ મૈથુન–ત્યાગ અવશ્ય કરે છેઃ—

(૧) તીર્થંકર દેવોનાં કલ્યાણક દિવસો તથા પર્વતિથિઓ

(૨) માતાપિતાની જન્મ–મરણની તિથિઓ.

(૩) પોતાનો જન્મ દિવસ.

(૪) પર્યૂષણા પર્વ.

(૫) બે આયંબિલની ઓળીઓ. (ચૈત્ર શુદ ૭ થી ૧૫ અને આસો શુદ ૭ થી ૧૫.) તથા ચોમાસાની ત્રણ અઠ્ઠાઈઓ.

(૬) સ્ત્રીની સગર્ભાવસ્થાના દિવસો.

(૭) પ્રસૂતિ પછીના ત્રણ માસ.

દિવસે મૈથુનનો ત્યાગ કરવો સર્વ રીતે ઇષ્ટ છે.

જે ગૃહસ્થો પોતાની પત્નીથી સંતુષ્ટ ન થતાં પરદારા તરફ દૃષ્ટિ નાખે છે, તે અધમ છે, પાપી છે, સદાચાર અને સુનીતિનો ભંગ કરનારા છે. આવા પુરુષોએ નીચેનાં સૂક્તોનું પુનઃ પુનઃ મનન કરવું ઘટે છેઃ—

**प्राणसंदेहजननं, परमं वैरकारणम् ।**
**लोकद्वयविरुद्धं च, परस्त्रीगमनं त्यजेत् ॥ १ ॥**

પ્રાણનાશને નોતરનારું, મહાવૈરનું કારણ અને આ લોક તથા પરલોકના હિતથી વિરુદ્ધ એવું પરસ્ત્રીગમન છોડી દેવું ઘટે છે.

**सर्वस्वहरणं बन्धं, शरीरावयवच्छिदाम् ।**
**मृतश्च नरकं घोरं, लभते पारदारिकः ॥ १ ॥**

પરદારામાં આસક્ત પુરુષના સર્વસ્વનું હરણ થાય છે, તેને બંધાદિ સહન કરવાં પડે છે, પ્રસંગે તેનાં શરીરનાં અવયવો છેદાય છે અને મૃત્યુ પામ્યા પછી ઘોર નરકમાં જવું પડે છે. તાત્પર્ય કે—પરદારાગમન અનર્થની ખાણ છે.

**स्वदाररक्षणे यत्नं, विदधानो निरन्तरम् ।**
**जानन्नपि जनो दुःखं, परदारान् कथं व्रजेत् ? ॥ १ ॥**

પોતાની સ્ત્રી પર કોઈ કુદૃષ્ટિ ન કરે તે માટે નિરંતર પ્રયત્ન કરનારો અને પોતાની સ્ત્રી દુરાચારિણી થાય, તો કેવું દુઃખ થાય છે? તેનો અનુભવ કરનારો મનુષ્ય પરદારાગમન કેમ કરી શકે? અર્થાત્ બીજાને પણ તેવું જ દુઃખ થાય છે, એમ જાણીને તેનો અવશ્ય ત્યાગ કરે.

**लावण्यपुण्यावयवां, पदं सौन्दर्यसंपदः ।**
**कलाकलापकुशलामपि जह्यात परस्त्रियम् ॥ १ ॥**

ભલે લાવણ્યવાળાં પવિત્ર અંગોવાળી હોય, ભલે સૌંદર્યના ભંડાર સમી હોય, ભલે વિવિધ કલાઓમાં કુશળ હોય, પણ પરસ્ત્રીનો અવશ્ય ત્યાગ કરવો.

જે લોકો વેશ્યાગમન કરે છે અને તેથી આનંદ પામે છે, તેમણે એ વિચારવું ઘટે છે કે-મનમાં એક પુરુષ પર પ્રેમ રાખે, વચનથી બીજા પુરુષ પર પ્રેમ બતાવે અને વર્તનમાં વળી ત્રીજા જ પુરુષ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરે, તેવી વેશ્યાસ્ત્રીઓથી સુખ કેવી રીતે મળે? જેનું મોઢું માંસથી દુર્ગંધિત, મદિરાની વાસવાળું અને અનેક જારપુરુષોવડે ચુમ્બિત થયેલું હોય, તેવા મુખને ચુંબન કરવામાં શું સ્વાદ હોય? અર્થાત્ ઉચ્છિષ્ટ ભોજનની જેમ તેનો ત્યાગ કરવો ઘટે. કામી પુરુષે પોતાનું સર્વ ધન વેશ્યાને આપ્યું હોય, છતાં જ્યારે તે નિર્ધન થઇને ત્યાંથી ચાલ્યો જાય છે ત્યારે તેનાં વસ્ત્રો પણ ખેંચી લેવાની ઇચ્છા રાખે છે. આવી સ્વાર્થી, નિઃસ્નેહ અને ક્રૂર

વેશ્યાના મોહમાં કોણ પડે? ધનની ઇચ્છાથી કોઢિયાઓને પણ કામદેવ સમાન જોનારી અને કૃત્રિમ સ્નેહને વિસ્તારનારી, સ્નેહ વિનાની વેશ્યાઓનો સમજુ મનુષ્યોએ અવશ્ય ત્યાગ કરવો ઘટે છે.

બ્રહ્મચર્ય પાળવાની ઈચ્છા રાખનારે કેવી પરિચર્યાથી દૂર રહેવું ઘટે છે, તે અમે 'શીલ અને સૌભાગ્ય' નામના આ ગ્રંથમાળાનાં અગિયારમા પુષ્પમાં વિગતથી દર્શાવ્યું છે.

ટૂંકમાં, મૈથુનને મહાદોષનું કારણ સમજી તેનો સર્વથા ત્યાગ કરનાર પાપના પ્રવાહને ઘણા અંશે અટકાવી શકે છે અને એ રીતે પવિત્ર બનીને પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે.

## ૫. પરિગ્રહ (દ્રવ્યમૂર્ચ્છા)

પાપનું પાંચમું ઉદ્‌ગમસ્થાન પરિગ્રહ છે. તેના દોષોનું દર્શન કરાવતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

**परिग्रहममत्वाद्धि, मज्जत्येव भवाम्बुधौ ।**
**महापोत इव प्राणी, त्यजेत्तस्मात्परिग्रहम् ॥ १ ॥**

જેમ ઘણા ભારથી ભરેલું મોટું વહાણ સમુદ્રમાં ડૂબી જાય છે, તેમ પરિગ્રહના મમત્વરૂપી ભારથી પ્રાણીઓ સંસાર-રૂપ સમુદ્રમાં ડૂબી જાય છે; માટે પરિગ્રહનો ત્યાગ કરવો.

કોઇ એમ માનતું હોય કે પરિગ્રહથી લાભ છે, તેનો ઉત્તર આપતાં તેમણે જણાવ્યું છે કે—

**त्रसरेणुसमोऽप्यत्र, न गुणः कोऽपि विद्यते ।**
**दोषास्तु पर्वतस्थूलाः, प्रादुःषन्ति परिग्रहे ॥ १ ॥**

પરિગ્રહમાં ત્રસરેણુ જેટલો પણ કોઈ ગુણ રહેલો નથી, જ્યારે દોષો તો મોટા પર્વત જેવડા ઉત્પન્ન થાય છે.

ઘણા પરિગ્રહવાળાની હાલત શું થાય છે? તે પણ સ્પષ્ટતયા જણાવ્યું છે:

**मुष्णन्ति विषयस्तेना, दहति स्मरपावकः ।**
**रुन्धन्ति वनिताव्याधाः, सङ्गैरङ्गीकृतं नरम् ॥ १ ॥**

ઘણો પરિગ્રહ એકઠો કરનાર મનુષ્યને વિષયરૂપી ચોરો લૂંટી લે છે, કામરૂપ અગ્નિ બાળે છે અને વનિતા એટલે સ્ત્રીરૂપી શીકારીઓ તેના માર્ગનું રુંધન કરે છે. તાત્પર્ય કે-જ્યાં ઘણો પરિગ્રહ એકઠો થાય છે ત્યાં રાજસિક અને તામસિક વાતાવરણ વ્યાપી જાય છે, તેથી વિષયની ઉત્પત્તિ વિશેષ થાય છે અને સ્પર્શનેન્દ્રિય મનોજ્ઞ સ્પર્શમાં, રસનેંદ્રિય સારું સારું ખાવામાં, ઘ્રાણેન્દ્રિય સુગંધી પદાર્થોના ઉપભોગ કરવામાં, ચક્ષુરિન્દ્રિય રૂપ-રંગ જોવામાં અને શ્રોત્રેન્દ્રિય મધુર શબ્દોનો આસ્વાદ લેવામાં તત્પર રહે છે. તે સાથે કામની ઉત્પત્તિ પણ વિશેષ હોવાથી અગ્નિઘૃતન્યાયે તે સદા જલતો જ રહે છે. અને કદાચ અતિપરિગ્રહવાળો સ્વયં કામાતુર ન થાય તો લક્ષ્મીની લાલચુ સ્ત્રીઓ તેને પોતાની જાળમાં ફસાવવાની કોશીશો કરે છે અને તેમાં ઘણે ભાગે તેઓ સફલ થાય છે. વળી ઘણા પરિગ્રહની પંચાતમાં પડેલા મનુષ્યો આહાર-વિહારમાં અનિયમિત થવાથી કે ઘણા કોમલ થઈ જવાથી વિવિધ વ્યાધિઓવડે ઘેરાય છે અને તેમના પરિગ્રહનો સારો એવો ભાગ વૈદ્ય,

હકીમો, ડૉકટરો, નૈસર્ગિક ઉપચાર કરનારાઓ, હઠયોગીઓ, દવા બનાવનારાઓ કે લેભાગુઓ લઈ જાય છે.

પરિગ્રહ પાપનું મૂળ છે; તેથી જ કહેવાયું છે કે—

**तपःश्रुतपरिवारां, शमसाम्राज्यसंपदम् ।**
**परिग्रहग्रहग्रस्तास्त्यजेयुर्योगिनोऽपि हि ॥ १ ॥**

યોગીઓ પણ પરિગ્રહરૂપ ગ્રહથી ગ્રસિત થયેલા જો હોય તો પોતાની તપ અને શ્રુતજ્ઞાનના પરિવારવાળી શમભાવરૂપ સામ્રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરવા તૈયાર થાય છે.

પરિગ્રહથી તૃપ્તિ થતી નથી. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા દૃષ્ટાંતોઃ

**तृप्तो न पुत्रैः सगरः, कुचिकर्णो न गोधनैः ।**
**न धान्यैस्तिलकश्रेष्ठी, न नन्दः कनकोत्करैः ॥ १ ॥**

**સગર** રાજાને સાઠ હજાર પુત્રો હતા, છતાં તેનાથી તે તૃપ્ત થયો નહિ. **કુચિકર્ણ** નામનો મગધદેશનો ગૃહપતિ લાખો ગાયો હોવા છતાં તેનાથી તૃપ્તિ પામ્યો નહિ અને ગાયોનાં દહીં તથા ઘી વિશેષ પ્રમાણમાં ખાવાથી અજીર્ણવડે પીડાતો થકો આર્ત્તધ્યાને મરણ પામીને તિર્યંચપણે ઉત્પન્ન થયો. અચલપુરનો રહીશ **તિલક** નામનો શ્રેષ્ઠી ધાન્યનો સંગ્રહ કરવામાં અત્યંત પ્રીતિવાળો હતો, તે એટલે સુધી કે ઘરની સારી સારી વસ્તુઓ વેચીને પણ તે ધાન્યનો સંગ્રહ કરતો. એક વાર કોઇ નૈમિત્તિક પાસેથી જાણ્યું કે—આ વર્ષે દુકાળ પડશે, એટલે તેણે ધાન્યની ખરીદી એટલા મોટા પ્રમાણમાં

કરી કે મૂલ્ય ચૂકવવા માટે તેને પોતાનું ઘર વેચવું પડયું અને ભારે વ્યાજે નાણાં લેવા પડ્યાં. એવામાં કોઈ ભાગ્યવાનનો જન્મ થયો એટલે દુકાળ દૂર થઇ ગયો અને તે ભયંકર ખોટમાં આવી પડ્યો. પરિણામે આર્ત્તધ્યાનમાં સબડતો અને છાતી પીટતો તથા માથાં કૂટતો મરણ પામીને નરકે ગયો.

તે જ રીતે પાટલીપુત્ર નગરના **નંદ** રાજાની પરિગ્રહસંજ્ઞા અતિ બળવાન હતી, તેથી તેણે પ્રજા ઉપર મોટા કરો નાખીને, ધનાઢ્યોનો ખોટી રીતે દંડ કરીને તથા સોનાના સિક્કાઓની જગાએ ચામડાના સિક્કાઓ ચલાવીને ઘણો પરિગ્રહ એકઠો કર્યો અને પ્રજાને પૂરેપૂરી પાયમાલ કરી પરંતુ તેનું આખર એ આવ્યું કે-તેને ભયંકર રોગો લાગુ પડ્યા અને અત્યંત આર્ત્ત-રૌદ્રધ્યાન કરતો મૃત્યુ પામીને નરકે ગયો.

કેટલાક મનુષ્યો એમ માને છે કે પહેલાં યેન કેન પ્રકારેણ માલદાર થવા દો, બાકીનું બધું પછી થઇ રહેશે. અર્થાત્ આ રીતે ધન-માલ પેદા કરવામાં જે પાપો કર્યાં હશે, તેનું નિવારણ દાન, તીર્થયાત્રા વગેરેવડે થઈ જશે; પરંતુ તેમની એ માન્યતા વસ્ત્રને પ્રથમ કાદવમાં રગદોળીને પછી શુદ્ધ કરવાના પ્રયત્ન જેવી છે, અથવા તો પહેલાં માથું ફોડીને પછી શીરો ખાવા જેવી છે. આવાઓને ઉદ્દેશીને જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

**कंचण-मणि-सोवाणं, थंभसहस्सोहियं सुवणतलं ।**
**जो कारिज्जइ जिणहरं, तओ वि तवसंयमो अहिओ ॥**

એક મનુષ્ય સુવર્ણ અને મણિનાં પગથિયાવાળું જિન-

મંદિર બંધાવે અને તેનું તળિયું હજાર મનોહર સ્તંભોવડે સુશોભિત બનાવે અને બીજો મનુષ્ય તપ અને સંયમમાં પ્રવૃત્ત થાય તો બીજા પુરુષને અધિક ફળ મળે છે. તાત્પર્ય કે વાસ્તવિક ધર્મની ઉત્પત્તિ ઇચ્છાનિરોધરૂપ તપ અને અહિંસાદિ ગુણોવાળા સંયમવડે જ થાય છે, પણ દ્રવ્યના ઉપયોગ માત્રથી થતી નથી. બીજી રીતે કહીએ તો વિદ્યમાન દ્રવ્યનો દાનાદિ ક્ષેત્રોમાં ઉપયોગ કરવો ઇષ્ટ છે, પણ વધારે મેળવીને દાન કરવાનો વિચાર ઇષ્ટ નથી; કારણ કે પરિગ્રહ મેળવવા માટે આરંભ–સમારંભો કરવા પડે છે અને તે પાપના પ્રવાહને વેગવંતો બનાવે છે.

પરિગ્રહ સચિત્ત અને અચિત્ત એમ બંને પ્રકારનો હોય છે. તેમાં સચિત્ત–પરિગ્રહમાં ઢોર–ઢાંખર, નોકર–ચાકર, ફૂલ–ફળ તથા ધાન્ય વગેરેનો સમાવેશ થાય છે અને અચિત્ત પરિગ્રહમાં રોકડ નાણું, સોનું–રૂપું, ઝવેરાત તથા રાચરચીલાં વગેરેનો સમાવેશ થાય છે. અથવા પરિગ્રહ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો છે. તેમાં બાહ્ય પરિગ્રહમાં ધન, ધાન્ય વગેરે તમામ વસ્તુઓ અને અંતર પરિગ્રહમાં મિથ્યાત્વ, ત્રણ પ્રકારના વેદ, હાસ્યાદિક છ વૃત્તિઓ અને ચાર કષાયોની ગણના થાય છે. વધારે સંક્ષેપમાં કહીએ તો વસ્તુ પરનો મૂર્ચ્છા-ભાવ એ જ વાસ્તવિક પરિગ્રહ છે.

**न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।**
**मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥ १ ॥**

પ્રાણીમાત્રના સંરક્ષક જ્ઞાતપુત્ર શ્રી મહાવીરે વસ્ત્ર આદિ બાહ્ય વસ્તુઓને પરિગ્રહ કહ્યો નથી, પણ તેના પરની મૂર્છાને– તેના પરના મમત્વને જ પરિગ્રહ કહ્યો છે, એમ મહર્ષિઓએ કહેલું છે.

જેઓ પરિગ્રહનો સંપૂર્ણ ત્યાગ ન કરી શકે તે એની મર્યાદા કરે, એનું નિયંત્રણ કરે. કહ્યું છે કે:

**असंतोषमविश्वासमारम्भं दुःखकारणम् ।**
**मत्वा मूर्च्छाफलं कुर्यात्, परिग्रहनियन्त्रणम् ॥ १ ॥**

દુઃખના કારણરૂપ અસંતોષ, અવિશ્વાસ અને આરંભ એ સઘળાં મૂર્છાનાં–મમત્વનાં ફળો છે, એમ જાણીને પરિગ્રહનું નિયંત્રણ કરવું એટલે કે અમુક પ્રમાણથી વધારે ન રાખવાનો નિયમ કરવો.

આ માટે શાસ્ત્રકારોએ પરિગ્રહના નવ પ્રકારો પાડેલા છે. તે આ રીતે:

(૧) **ધન:** તે ચાર પ્રકારનું છે–(૧) **ગણિમ** એટલે ગણીને લેવાય તેવું. જેમ કે શ્રીફળ, સોપારી, રોકડા પૈસા વગેરે. (૨) **ધરિમ** એટલે તોળીને લેવાય તેવું. જેમ કે ગોળ, સાકર, કરિયાણાં વગેરે. (૩) **મેય** એટલે માપીને લેવાય તેવું. જેમ કે ઘી, તેલ, દૂધ, કાપડ વગેરે. અને (૪) **પરિચ્છેદ્ય** એટલે કસીને કે પરીક્ષા કરીને લેવાય તેવું. જેમ કે હીરા, મોતી, સોનું વગેરે.

(૨) **ધાન્ય:** દરેક જાતનું અનાજ.

(૩) **ક્ષેત્ર :** ખેતર, વાડી–વજીફા, છૂટી જમીન.

(૪) **વાસ્તુ :** ઘર, દુકાન, વખારો વગેરે.

(૫) **રૂપું :** રૂપાનો જથ્થો.

(૬) **સોનું :** સોનાનો જથ્થો.

(૭) **કુપ્ય :** સોના–રૂપા સિવાયની ધાતુ તથા રાચરચીલું.

(૮) **દ્વિપદ :** નોકર–ચાકર, દાસ–દાસી, સેવક–સેવિકાઓ તથા મેના, પોપટ, તિતર, કૂકડા વગેરે પક્ષીઓ.

(૯) **ચતુષ્પદ :** હાથી, ઘોડા, ઊંટ, ગાય, ભેંસ, પાડા, બળદ, બકરાં, ઘેટાં વગેરે પશુઓ.

આ નવે પ્રકારના પરિગ્રહનું પરિમાણ નક્કી કરી નાખવાથી અને તેમાં ઉત્તરોત્તર ઘટાડો કરવાથી પાપના પ્રવાહને મોટા પ્રમાણમાં રોકી શકાય છે અને આરંભ–સમારંભમાં ઘણો ઘટાડો કરી શકાય છે.

## (૬) ક્રોધ

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ આસ્રવદ્વારોની જેમ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો પણ પાપનાં પ્રબલ ઉદ્ગમસ્થાનો છે. તેથી જ તેમને ભયંકર અધ્યાત્મદોષો કહ્યા છે.

**कोहं च माणं च तहेव मायं, लोभं चउत्थं अज्झत्थदोसा ।**

ક્રોધ, માન, માયા અને ચોથો લોભ, એ (ભયંકર) અધ્યાત્મદોષો છે.

પ્રાણીઓને અનાદિકાલથી આ સંસારમાં રખડવું પડે છે, તેનું કારણ આ કષાયો જ છે.

कोहो य माणो य अणिग्गहीया,
माया य लोभो य पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया,
सिंचन्ति मूलाइं पुणब्भवस्स ॥ १ ॥

અનિગ્રહિત ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતા માયા અને લોભ, એ ચાર કુત્સિત કષાયો પુનર્જન્મરૂપી સંસારવૃક્ષનાં મૂળોનું સિંચન કરે છે.

શાસ્ત્રકારોએ આ ચાર કષાયોને પાપની વૃદ્ધિ કરનારા કહેલા છે.

कोहं माणं च मायं च, लोभं च पापवड्ढणं ।
वमे चत्तारि दोसे उ, इच्छन्तो हियमप्पणो ॥ १ ॥

જે મનુષ્ય પોતાનું હિત ચાહે છે, તે પાપને વધારનારા ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર દોષોને–કષાયોને સદાને માટે છોડી દે.

ચાર કષાયોમાં પહેલો કષાય ક્રોધ છે, તે દુર્ગતિનું દ્વાર છે, શમસુખને અટકાવનારી અર્ગલા છે અને વૈરવૃદ્ધિનું પરમ કારણ છે. વળી તે ધર્મ અને મિત્રોનો નાશ કરનાર છે. કહ્યું છે કે:

क्रोधो नाम मनुष्यस्य, शरीराज्जायते रिपुः ।
येन त्यजन्ति मित्राणि, धर्माच्च परिहीयते ॥ १ ॥

ખરેખર ! ક્રોધ એ મનુષ્યના પોતાના શરીરમાંથી ઉત્પન્ન થતો શત્રુ છે કે જેના લીધે મિત્રો તજી દે છે અને ધર્મથી ભ્રષ્ટ થવાય છે.

ક્રોધનાં પરિણામોનું દર્શન એક સંતકવિએ આ પ્રમાણે કરાવ્યું છે:

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुच्छादय-
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।
कीर्तिं कृन्तति दुर्गतिं वितरति व्याहन्ति पुण्योदयं,
दत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ॥१॥

જે સંતાપને આપે છે, વિનયને ભેદે છે, મિત્રતાનો ઉચ્છેદ કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, અસત્ય વાણીને જન્મ આપે છે, માયાને પ્રકટાવે છે, કીર્તિનો નાશ કરે છે, દુર્ગતિ-(પડતી)નું દાન કરે છે, પુણ્યોદયનો ઘાત કરે છે અને નરકાદિ કુગતિમાં ધકેલી દે છે, તેવા અનેક દોષવાળા ક્રોધનો સત્પુરુષોએ ત્યાગ કરવો ઉચિત છે.

શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે:

जं अज्जिअं चरित्तं, देसूणाए अ पुव्वकोडीए ।
तं पि कसाइयचित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥ १ ॥

કંઈક ન્યૂન એવા ક્રોડપૂર્વ સુધી જે ચારિત્રનું પાલન કર્યું હોય છે, તે પણ ક્રોધાદિ કષાયનો ઉદય થવાથી મનુષ્ય બે ઘડીમાં હારી જાય છે.

લૌકિક શાસ્ત્રોનો અભિપ્રાય પણ એવો જ છે. આ રહ્યા તેમના શબ્દો:

**क्रोधाद्भवति संमोहः, संमोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिविभ्रमाद् बुद्धिनाशः, बुद्धिनाशात्प्रणश्यति ॥१॥**

ક્રોધથી સંમોહ થાય છે, સંમોહથી સ્મૃતિવિભ્રમ થાય છે, સ્મૃતિવિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થતાં મનુષ્ય સર્વ પ્રકારે નાશ પામે છે.

નીતિ તરીકે પણ ક્રોધનો ત્યાગ કરવો ઉચિત છે. કારણ કે:

**क्षमी यत्कुरुते कार्यं, न तत्क्रोधवशंवदः ।**
**कार्यस्य साधनी प्रज्ञा, सा च क्रोधेन नश्यति ॥ १ ॥**

જે કાર્ય ક્ષમાવાળો એટલે સહનશીલ કે શાંત સ્વભાવનો મનુષ્ય કરી શકે છે, તે કાર્ય વાત વાતમાં તપી જનારો અને એ રીતે મન પરનો કાબૂ ગુમાવનારો મનુષ્ય કરી શકતો નથી. તાત્પર્ય કે કાર્યને સાધનારી પ્રજ્ઞા છે, તેનો ક્રોધવડે નાશ થાય છે.

મનુષ્ય ઘણીવાર પુત્ર-પુત્રીઓને રખડતાં જોઈને, પત્નીને વિચિત્ર રીતે વર્તતી જાણીને, શેઠને મનસ્વી હુકમો કરતો નિહાળીને તથા નોકરોની નિમકહરામી ભાળીને ઘણો ગુસ્સે થાય છે અને તેમની અતિ તર્જના કરે છે, પરંતુ આવા સંયોગોમાં પણ શાંતિથી કામ લેવું એ જ હિતાવહ છે. કહ્યું છે કે:

**अइ तज्जणा न कायव्वा, पुत्तकलत्तेसु सामिए भिच्चे ।**
**दहिअं पि महिज्जंतं, छंडइ देहो न संदेहो ॥ १ ॥**

પુત્ર, સ્ત્રી, સ્વામી અને નોકરની અતિ તર્જના કરવી નહિ, કારણ કે ગમે તેવું ઘટ્ટ હોવા છતાં ઘણું મથાયેલું દહીં પોતાનો દેહ છોડી દે છે (છાશ થઈ જાય છે) અર્થાત્ અતિ તર્જનાનું પરિણામ બૂરું આવે છે.

ક્રોધ કરવાને ટેવાયેલા મનુષ્યોએ પોતાની જાતને સુધારવા માટે એ વાત યાદ રાખવી ઘટે કે :

पढमं चिअ रोसभरे, जा बुद्धी होइ सा न कायव्वा ।
किंपाकफलाणमिव न सुन्दरो होइ तीइ परिणामो ॥१॥

ક્રોધનો ઉદય થતાં જે વિચારો પહેલા આવે છે, તે પ્રમાણે વર્તવું નહિ; કારણ કે કિંપાક વૃક્ષનાં ફલોની જેમ તેનું પરિણામ સુંદર હોતું નથી અર્થાત્ કિંપાક વૃક્ષનાં ફલો ખાતી વખતે મધુર લાગે છે, પણ થોડા સમયમાં જ પ્રાણનો નાશ કરે છે, તેમ ક્રોધથી કરાયેલું કામ થોડીવાર મનને સુંદર લાગે છે પણ તેનું પરિણામ અત્યંત બૂરું આવે છે.

ક્રોધને જીતવાનું મુખ્ય સાધન ક્ષમા છે. કહ્યું છે કે :

क्षमाखड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति ? ।
अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति ॥ १ ॥

જેના હાથમાં ક્ષમારૂપી તલવાર છે, તેને દુર્જન શું કરશે ? ઘાસ વગરની જમીન પર પડેલો અગ્નિ પોતાની મેળે જ ઓલવાઈ જાય છે. સારાંશ કે-દુર્જન મનુષ્યો આપણા પર ક્રોધ કરે અને આપણે તેનો ક્રોધથી પ્રતિકાર કરીએ તો મામલો

ઘડીવારમાં બગડી જાય છે, પરંતુ ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરીએ તો પેલો દુર્જન એની મેળે શાંત થઈ જાય છે.

ક્રોધને જિતવા માટે મનુષ્યે પોતાની સમજણમાં ધરખમ સુધારો કરવાની જરૂર છે. સામાન્ય રીતે એવું માની લેવામાં આવે છે કે 'મારું અમુક કાર્ય જરૂર થાય તેવું હતું પણ ફલાણાએ તે બગાડયું' અને તે વિચાર આવતાં જ ક્રોધનો ઉદ્ભવ થાય છે. પરંતુ ત્યાં એમ વિચારવું ઘટે છે કે-મારાં સુખદુઃખનું સર્જન કરનારો હું જ છું. મેં પૂર્વે જે કર્મો બાંધ્યાં છે, તે અનુસાર મને સુખદુઃખની પ્રાપ્તિ થાય છે, તેમાં બીજાનો વાંક શા માટે કાઢું ? જો કાર્યની સિદ્ધિ થવાની હશે તો હરકોઈ પ્રકારે થશે, તેને અટકાવવાને કોઈ સમર્થ નથી. અને જો તે નહિ જ થવાની હોય તો ગમે તે નિમિત્તે આવી મળશે તેથી નિમિત્ત પર ક્રોધ કરવો ઉચિત નથી.

કેટલાક લોકો એમ માને છે કે ક્ષમા એ તો કાયરનો ધર્મ છે; અર્થાત્ વીર પુરુષોએ તો બરાબર બદલો લેવો જોઈએ. પણ એ માન્યતા અજ્ઞાનમૂલક છે, કારણ કે વૈરથી વૈરની વૃદ્ધિ થતી જાય છે અને છેવટે વૈરનું એ વર્તુલ અમર્યાદિત બની જાય છે. તેથી અનુભવી પુરુષોએ ફરમાન કર્યું છે કે '**क्षमा वीरस्य भूषणम्** ક્ષમા એ કાયરનું નહિ પણ વીરનું ભૂષણ છે.'

જો આ વાત બરાબર સમજવામાં આવે તો અનેક પ્રકારના કલહ-કંકાસો, ટંટા-ફીસાદો અને યુદ્ધનાં ઘમસાણો અટકી જાય અને ક્ષમાની સુવાસથી એકબીજાની ભૂલો સુધરે તથા

છેવટે દોષોનું નિવારણ થાય. તેથી નિર્ગ્રંથ મહર્ષિઓએ મુમુક્ષુ-ઓને પ્રતિદિન પ્રાતઃ અને સાયંકાલે એવી ભાવના ભાવવાનો આદેશ આપ્યો છે કે :

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥ १ ॥**

હું સર્વ જીવોની( મેં તેમના પ્રત્યે કરેલા અપરાધ માટે) ક્ષમા માગું છું. સર્વે જીવો મને ક્ષમા આપો. મારે સર્વ જીવોથી મૈત્રી છે, કોઈથી પણ વૈર નથી.

આ ભાવનાનો આશ્રય લઈને અનેક મુમુક્ષુઓએ ક્રોધ પર સંપૂર્ણ વિજય મેળવ્યો છે અને પોતાના આત્માને સર્વ કષાયોથી મુક્ત કરીને પરમપદની પ્રાપ્તિ કરી છે.

## ( ૭ ) માન

માન એટલે અભિમાન, અહંકાર, ગર્વ કે મદ. તેનો ઉદય થવાથી મનુષ્યો ભાન ભૂલે છે અને ન કરવાનાં કામો કરી બેસે છે, તેથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે :

**विनयश्रुतशीलानां, त्रिवर्गस्य च घातकः ।**
**विवेकलोचनं लुंपन् , मानोऽन्धकरणो नृणाम् ॥ १ ॥**

માન નામનો કષાય મનુષ્યોના વિનય, શ્રુત, શીલ, ધર્મ, અર્થ અને કામનો નાશ કરે છે તથા તેમનાં વિવેકરૂપી લોચનને ફોડી નાખીને તેમને આંધળા બનાવે છે.

**जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।**
**कुर्वन् मदं पुनस्तानि, हीनानि लभते जनः ॥ १ ॥**

જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ અને શ્રુતનો મદ કરનાર મનુષ્ય તે તે વસ્તુઓ હીન પ્રકારની પામે છે. અર્થાત્ જે મનુષ્ય એવો મદ કરે છે કે 'હું ઉત્તમ જાતિમાં જન્મ્યો છું માટે ઉત્તમ છું, મારા જેવો ઉત્તમ બીજો કોણ છે?' તે બીજા ભવમાં ચાંડાળ, પારધિ વગેરે અધમ જાતિમાં ઉત્પન્ન થાય છે. જે મનુષ્ય ધંધા, રોજગાર, વ્યવસાય કે અધિકાર અંગે થતા લાભનો મદ કરે છે કે 'મારા જેવો લાભ બીજા કોઈને થતો નથી, માટે હું પરમ ભાગ્યશાળી છું! બીજા બિચારા નસીબના 'ફૂટા' હશે!' તો તેને ભવિષ્યમાં લાભાંતરાય થાય છે, એટલે કે તેને કોઈ પણ કામમાં મોટો લાભ થતો નથી. જે મનુષ્ય કુલનું અભિમાન કરે છે કે 'હું તો અમુક કુલનો, મારી શી વાત? હું કંઈ જેવો તેવો નથી!' તે ભવાંતરમાં હલકા કુલમાં જન્મે છે. શ્રી મહાવીર પ્રભુએ મરીચિના ભવમાં કુલનો મદ કર્યો કે 'અહો! હું કેવા ઉત્તમ કુલનો છું? મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને હું છેલ્લો તીર્થંકર થઈશ! અહા મારું કુલ? અહા મારી ઉત્તમતા!' એ કુલમદના પરિણામે તેમને તીર્થંકરના ભવમાં પણ ભિક્ષુક કુલમાં અવતરવું પડયું કે જ્યારે અવશ્ય ઊંચા કુલમાં જન્મ થાય છે. એ જ સ્થિતિ સર્વે કુલમદવાળાએ સમજી લેવાની છે. જે મનુષ્ય પોતાને પ્રાપ્ત થયેલા ઐશ્વર્યનો મદ કરે છે કે 'અહો! મારો મહેલ કેવો સુંદર છે? મારા બગીચાની શી વાત? મારી પાસે જેવા હાથી છે, જેવા ઘોડા છે, તેવા બીજા કોઈને નથી! વળી મારી પાસે જેવું ઝવેરાત છે, જેવા આભૂષણો છે, તેવાં બીજા પાસે

નથી ! મારી પાસે અખૂટ ધન છે, અઢળક સંપત્તિ છે, અપૂર્વ રિદ્ધિ છે ! અહા મારું ઐશ્વર્ય !' તે ભવાંતરમાં ઐશ્વર્યથી હીન થાય છે એટલે કે દીન-દુઃખી હાલતમાં જન્મે છે. જે મનુષ્ય બલનું અભિમાન કરે છે કે 'મારા જેવો બળિયો બીજો કોઈ નથી ! મારા બળની શી વાત ! હું ભલભલાને હરાવી દઉં છું !' તે ભવાંતરમાં બલહીન એટલે માયકાંગલો થાય છે. જે મનુષ્ય રૂપનું અભિમાન કરે છે કે 'મારા જેવો રૂપાળો કોઈ નથી, હું કામદેવનો અવતાર છું, મારું રૂપ જોઈને લોકો મોહ પામે છે !' તે ભવાંતરમાં રૂપહીન એટલે કાણો-કૂબડો થાય છે. જે મનુષ્ય તપનો મદ કરે છે કે 'હું મહાન્ તપસ્વી છું, મારા જેવી તપશ્ચર્યા બીજા કોઈ કરી શકતા નથી !' તે ભવાંતરમાં તપ કરવાની શકિતથી રહિત થાય છે. અને જે મનુષ્ય શ્રુત કે વિદ્યાનો મદ કરે છે કે 'મારા જેવું શાસ્ત્રજ્ઞાન કોઈને નથી, હું મહાપંડિત છું, હું મહાજ્ઞાની છું !' તે ભવાંતરમાં મૂર્ખ થાય છે.

આ સ્થળે સુજ્ઞ મનુષ્ય એવો વિચાર કરે કે 'હે જીવ ! તેં અત્યાર સુધીમાં દરેક પ્રકારની જાતિમાં જન્મ ધારણ કર્યો છે, તો જાતિનું અભિમાન શું ? જાતિ કોઈ શાશ્વત વસ્તુ નથી, માટે તેનો ગર્વ ન કર. હે જીવ ! તને જે કંઈ લાભ થાય છે તે અંતરાય કર્મનો ક્ષય થવાથી થાય છે, તેમાં હર્ષ શું અને અભિમાન શું ? વળી આવો લાભ તને એકલાને જ થતો નથી પણ જે કોઈ પૂર્વભવમાં દાનાદિ ક્રિયાઓ કરે છે, તે સર્વને થાય છે, માટે લાભનો મદ ન કર. હે જીવ ! કુલના ઊંચાનીચાપણાથી શું ? જો તું ઉચ્ચ કુલમાં જન્મ્યો છે, છતાં

શીલ અને સદાચારથી વંચિત છે, તો એ કુલીનતાથી શું ? અને અધમકુલમાં જન્મવા છતાં શીલ અને સદાચારથી રહિત છે, તો કુલની ફિકર શી ? હે જીવ ! તું ઐશ્વર્યનું અભિમાન શાને કરે છે ? ઇંદ્રાદિ દેવોની આગળ ઐશ્વર્ય શા હિસાબમાં છે ? અથવા કુબેર ભંડારીની આગળ તારા પાંચ-પચીશ ક્રોડ શા વિસાતમાં છે ? અથવા તારી પાસે અમુક મંદિર-મહેલો છે, તેવાં મંદિર અને મહેલો બીજાનાં મંદિર અને મહેલો આગળ પાણી ભરે છે, માટે તેનું અભિમાન કર મા ! વળી લક્ષ્મી તો ચંચળ છે અને ઘડી ઘડીમાં સ્થાન બદલે છે, તો એનું અભિમાન શા કામનું ? આજે તારી પાસે ઐશ્વર્ય છે, તેનું તું અભિમાન કરીશ અને કાલે ઐશ્વર્યહીન થઈશ તો ? માટે ઐશ્વર્યનું અભિમાન કરવું રહેવા દે, તેમાં જ તારું શ્રેય છે. હે જીવ ! તું બળનું અભિમાન શાને કરે છે ? જો તું ખરો બળિયો હો તો જન્મ, જરા, મૃત્યુ અને રોગરૂપી શત્રુને જીતી લે. ત્યાં તો તું પૂરેપૂરો પરાભવ પામે છે અને બળનું અભિમાન કરે છે, એ ન્યાય ક્યાંનો ? વળી બળ માટે દુનિયામાં પંકાઈ ગયેલા મનુષ્યો પણ સમય આવતાં એવા નિર્બળ અને માયકાંગલા બની જાય છે કે જેને જોઈને દયા આવે છે, તો શું તારી અવસ્થા કદી એવી નહિ થાય ? હે જીવ ! બળનું અભિમાન તું જરા પણ કર મા. વળી હે જીવ ! તું રૂપનું અભિમાન શાને કરે છે ? તારા કરતાં અનેકગણા રૂપાળા મનુષ્યો આ જગતમાં હસ્તી ધરાવે છે કે જેમનું દર્શન થતાં જ લોકોના મન પર અજબ પ્રભાવ પડે છે. અને માની લે કે તું કંઈક રૂપાળો છો તો તેથી શું ? એ રૂપ શું સદા ટકવાનું

છે ? અરે સનત્કુમાર ચક્રવર્તી જેવાનું રૂપ થોડીવારમાં બદલાઈ ગયું, તો તારા રૂપનું કહેવું જ શું માટે રૂપના મદને વિસરી જા અને આત્માને રૂપાળો બનાવવા માટે પ્રયત્નશીલ થા. વળી હે જીવ ! તું અમુક ઉપવાસ, આયંબિલ કે રસત્યાગ કરી શકે છે તેથી મહાન્ તપસ્વી હોવાનું શા માટે માની લે છે ? આ જગત્માં મહાપુરુષોએ જે તપશ્ચર્યાઓ કરી છે, તેની આગળ તારી કોઈ ગણના નથી ! શ્રી ઋષભદેવ ભગવાને બાર માસ સુધી આહારપાણી લીધાં ન હતાં ! શ્રી મહાવીર પ્રભુએ છ છ માસના ઉપવાસ કર્યા હતા અને સાડા-બાર વર્ષમાં માત્ર ૩૪૯ જ પારણાં કર્યાં હતાં અને બાકીનો બધો સમય તપશ્ચર્યામાં વ્યતીત કર્યો હતો; માટે તું તપનું અભિમાન જરા પણ કરીશ મા. અને હે જીવ ! તું શ્રુતનો મદ પણ શાને કરે છે ? તારું શ્રુતજ્ઞાન ગણધર દેવો અને ચૌદપૂર્વધારીઓની આગળ શા હિસાબમાં છે ? તું થોડાં શાસ્ત્રો ભણ્યો, થોડું લખતાં-વાંચતાં શીખ્યો કે થોડું બોલતાં શીખ્યો એમાં પોતાને મહાપંડિત કે મહાજ્ઞાની કેમ માની બેઠો છે ? તું પદે પદે સ્ખલના પામે છે. અનેક વસ્તુના ગૂઢ રહસ્યોને જાણતો નથી, તારું જ્ઞાન અનેક પ્રકારે સ્ખલનાવાળું છે, એ કેમ ભૂલી જાય છે ? રે જીવ ! તું કોઈ પણ પ્રકારે શ્રુતનો મદ કરીશ મા. તાત્પર્ય કે:

उत्सर्पयन् दोषशाखा गुणमूलान्यधोनयन् ।
उन्मूलनीयो मानद्रुस्तन्मार्दवसरित्प्लवैः ॥ १ ॥

દોષરૂપી શાખાઓને વિસ્તારતા અને ગુણરૂપ મૂલને નીચે

લઈ જતા માનરૂપ વૃક્ષને મૃદુતા કે નમ્રતારૂપ નદીના પ્રવાહથી ઉખેડી નાખવું યોગ્ય છે.

અભિમાનને લીધે મનુષ્ય વાદવિવાદમાં ઊતરે છે, ઉડાઉ ખર્ચ રાખે છે, ખોટા ઝઘડાઓ કરે છે અને યુદ્ધે પણ ચડે છે. વળી તે નાના મોટાનો ભેદ પણ ચૂકી જાય છે અને ન બોલવા જેવાં વેણ બોલીને મિત્રો કે મુરબ્બીઓનું અપમાન પણ કરે છે; તેથી માનવડે દોષોની વૃદ્ધિ થાય છે, એ સુનિશ્ચિત છે. વળી માનથી અક્કડાઈ આવે છે, એટલે વિનયનો લોપ થાય છે, વિનયનો લોપ થતાં વિદ્યાનો પણ લોપ થાય છે અને વિદ્યાનો લોપ થતાં સારાસારનો વિવેક ભૂલી જઈ અસાર વસ્તુની પ્રાપ્તિમાં પ્રયત્નશીલ પણ થાય છે; તેથી માનવડે ગુણો નીચે જાય છે, એ નિઃસંશય છે. આમ દરેક રીતે નુકશાન કરનારા માનનું પોષણ શા માટે કરવું ? તેને બદલે મૃદુતા કે નમ્રતાને ધારણ શા માટે ન કરવી કે જેથી વિકાસનો માર્ગ ખુલ્લો થાય અને આત્મા ઉત્તરોત્તર પ્રગતિ કરી શકે ? તાત્પર્ય કે-સુજ્ઞજનોએ માનને પાપપ્રવાહનું પ્રબળ ઉદ્‌ગમસ્થાન જાણીને, તેનો સદંતર ત્યાગ કરવો ઘટે છે.

## (૮) માયા

કૂડ, કપટ, છલ, છેતરપીંડી, વંચના, વક્રતા, શઠતા કે કુટિલતાનો આશ્રય લેનારી મનોવૃત્તિને માયા કહેવામાં આવે છે. તે મૃષાવાદની માતા છે, શીલ વૃક્ષને છેદનારી કુહાડી છે, અજ્ઞાનની જન્મભૂમિ છે અને દુર્ગતિના દરવાજા દેખાડનારી દુર્દાન્ત દ્વારપાલિકા છે. તેથી જ સુજ્ઞજનોએ કહ્યું છે કેઃ

विधाय मायां विविधैरुपायैः,
परस्य ये वञ्चनमाचरन्ति ।
ते वञ्चयन्ति त्रिदिवापवर्ग—
सुखान्महामोहसखा स्वमेव ॥ १ ॥

જે મનુષ્યો માયાનું સેવન કરીને વિવિધ પ્રકારના ઉપાયોવડે બીજાની સાથે ઠગાઈ કરે છે, મહામોહનાં મિત્ર સરખાં તે મનુષ્યો પોતાની જાતે જ સ્વર્ગના સુખોથી ઠગાય છે.

અથવા—

कौटिल्यपटवः पापा मायया बकवृत्तयः ।
भुवनं वञ्चयमाना वञ्चयन्ते स्वमेव हि ॥ १ ॥

અનેક પ્રકારનાં કૂડ–કપટ કરવામાં કાબેલ અને બગલાના જેવી દંભી મનોવૃત્તિ રાખનાર પાપી પુરુષો માયાવડે જગતને છેતરવા જતાં પોતે જ છેતરાય છે.

मायामविश्वासविलासमन्दिरम् ,
दुराशयो यः कुरुते धनाशया ।
सोऽनर्थसार्थं न पतन्तमीक्षते,
यथा बिडालो लगुडं पयः पिबन् ॥ १ ॥

દૂધ પીવાને પ્રવૃત્ત થયેલો બીલાડો જેમ લાકડીના ભયને જોઈ શકતો નથી, તેમ જે દુષ્ટ પુરુષ ધનની આશાથી અ-વિશ્વાસના વિલાસમંદિર જેવી માયાને આચરે છે, તે પોતાના માથે પડી રહેલા અનર્થસમૂહને જોતો નથી. અર્થાત્ માયાની છાયામાં લપટાયેલું મન વિવેકને વિસરી જાય છે અને હિતા-

હિતનો વિચાર કરવામાં અસમર્થ બને છે; એટલે તે માયાથી આવનારાં ભયંકર પરિણામોનો વિચાર કરી શકતું નથી.

માયાનું પહેલું ભયંકર પરિણામ તો એ છે કે તેના આચરનારનો કોઈ વિશ્વાસ કરતું નથી.

**मायाशीलः पुरुषो यद्यपि न करोति किञ्चिदपराधम् ।**
**सर्प इवाविश्वास्यो भवति तथाप्यात्मदोषहतः ॥ १ ॥**

કપટી મનુષ્ય કોઈ અપરાધ ન કરે તો પણ પોતાના દોષથી હણાયેલો તે સર્પની જેમ બીજાને અવિશ્વસનીય બને છે. તાત્પર્ય કે સાપની દુષ્ટ પ્રકૃતિને લીધે જેમ તેનો વિશ્વાસ થઈ શકતો નથી તેમ નિરંતર કૂડ-કપટ કરવાને ટેવાયેલા કપટી મનુષ્યનો વિશ્વાસ થઈ શકતો નથી.

માયાનું બીજું ભયંકર પરિણામ એ છે કે તે પોતે જ પોતાની જાળમાં ફસાય છે. 'દગો કોઈનો સગો નહિ,' 'ખાડો ખોદે તે પડે,' 'કૂડના ડાંડિયા કપાળમાં વાગે' વગેરે કહેવતો તેનો જીવતો-જાગતો પૂરાવો છે. બંગભંગની ચળવળ વખતે સ્વદેશી વસ્ત્રના નામે બંગાળની જનતાને એકદમ હલકું કાપડ મોકલી છેતરપીંડી કરનારી અમદાવાદની મિલોએ એટલી શાખ ગુમાવી હતી કે પછીથી ગમે તેવો સારો માલ પૂરો પાડવા છતાં લોકોને પૂરો વિશ્વાસ આવતો ન હતો. પરિણામે તેની આમદાનીમાં મોટો ફટકો પડયો હતો અને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું. બીજી બાજુ એ વાત વિચારવા જેવી છે કે જે લોકો પોતાના માલની ઉત્તમતા ટકાવી રાખે છે અને તેમાં દગોફટકો કરીને તેનું ધોરણ જરા પણ નીચું કરતા નથી, તેની

શાખ બરાબર જામે છે અને તેને લીધે જ તેઓ અઢળક ધન કમાય છે.

માયાનું ત્રીજું ભયંકર પરિણામ એ છે કે–તેનો આચરનાર સમ્યક્ત્વને પામી શકતો નથી, કારણ કે સમ્યક્ત્વનું મૂળ સત્ય વ્યવહાર છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દોઃ

> સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત;
> સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત,
> રે પ્રાણી ! મ કરીશ માયા લગાર.

ધર્માચરણમાં દંભને સ્થાન નથી. જે મનુષ્યો બાહ્ય આચરણ સારું દેખાડે છે, પણ અંદરથી સ્વાર્થ સાધવાની પૂરી તકેદારી રાખે છે, તેને બગલાભગત જ કહી શકાય.

> **शनैरुद्धरते पादं, जीवानामनुकम्पया ।**
> **पश्य लक्ष्मण ! पम्पायां, बकः परमधार्मिकः ॥१॥**

શ્રી રામચંદ્ર વનવાસ વખતે લક્ષ્મણ અને સીતા સાથે એક સ્થળેથી બીજા સ્થળે જઇ રહ્યા છે. વચમાં પંપા નામનું સરોવર આવે છે. ત્યાં બગલાઓને ચૂપચાપ બેઠેલા તથા ધીમે ધીમે પગ ઉપાડતા જોઇને શ્રી રામચંદ્ર કહે છે ' હે ભાઈ લક્ષ્મણ ! તું આ પંપા સરોવર પર નજર નાખ. અહીં અનેક જાતનાં પક્ષીઓ નજરે પડે છે, પરંતુ તે બધામાં બગલો સહુથી વધારે ધાર્મિક જણાય છે, કારણ કે પોતાના પગ નીચે કોઈ જીવ ચગદાઇ ન જાય તે માટે એ ધીમે ધીમે પગ ઉપાડે છે ! ' કહેવાની જરૂર ભાગ્યે જ છે કે–એ બગલો સહુથી વધારે

માછલીઓ પકડીને તેનું ભક્ષણ કરી જાય છે! એટલે બાહ્ય આચરણ અનુકંપાનું પરંતુ ભીતરની વૃત્તિ શિકારની એ માયાની જાળ છે અને તે આત્માર્થી મનુષ્યોએ છોડવી જ જોઇએ.

માયાને જીતવા માટે સદા સરલતા રાખવી જરૂરી છે.

## (૯) લોભ.

ધન, વૈભવ, સત્તા, અધિકાર કે રાજ્યાદિ ઐશ્વર્યની તૃષ્ણાને લોભ કહેવામાં આવે છે. તે સર્વ દોષની ખાણ છે, ઉત્તમ ગુણોને ગળી જનારો મહારાક્ષસ છે, દુઃખરૂપી વેલીઓનું મૂળ છે અને ધર્માદિ ચારે પુરુષાર્થનો બાધક છે.

તેના સ્વરૂપનું વર્ણન કરતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કેઃ

धनहीनः शतमेकं, सहस्रं शतवानपि ।
सहस्राधिपतिर्लक्षं, कोटिं लक्षेश्वरोऽपि च ॥१॥
कोटीश्वरो नरेन्द्रत्वं, नरेन्द्रश्चक्रवर्तिताम् ।
चक्रवर्ती च देवत्वं, देवोऽपीन्द्रत्वमिच्छति ॥२॥
इन्द्रत्वेऽपि हि संप्राप्ते, यदीच्छा न निवर्तते ।
मूले लघीयांस्तल्लोभः, शराव इव वर्धते ॥३॥
लोभसागरमुद्वेल-मतिवेलं महामतिः ।
संतोषसेतुबन्धेन, प्रसरन्तं निवारयेत् ॥४॥

લોભ શરૂઆતમાં નાનો હોય છે, પણ પછીથી શરાવ-(કોડિયા)ની જેમ વૃદ્ધિ પામે છે. જેમ કે ધનહીન હોય તે સો રૂપીઆની આશા કરે છે, સો રૂપીઆવાળો હજાર રૂપીઆ-

ની આશા કરે છે, હજાર રૂપીઆવાળો લાખ રૂપીઆની આશા કરે છે અને લાખ રૂપીઆવાળો કરોડ રૂપીઆની આશા કરે છે. તે જ રીતે કરોડ રૂપીઆવાળો નરેન્દ્ર થવાને ઈચ્છે છે, નરેન્દ્ર ચક્રવર્ત્તી થવાને ઈચ્છે છે, ચક્રવર્ત્તી દેવ થવાને ઈચ્છે છે અને દેવ ઇંદ્ર થવાને ઈચ્છે છે. આમ ઇંદ્રપણું પ્રાપ્ત થવા છતાં ઈચ્છા નિવૃત્ત-શાંત થતી નથી; માટે સુજ્ઞજનોએ મોટી ભરતીવાળા લોભરૂપી સમુદ્રને સંતોષરૂપી પાળ બાંધીને પ્રસાર પામતો અટકાવવો.

**कसिणं पि जो इमं लोयं, पडिपुण्णं दलेज्ज इक्कस्स ।**
**तेणाऽवि से न संतुस्से, इइ दुप्पूरए इमे आया ॥१॥**

અનેક પ્રકારના બહુમૂલ્ય પદાર્થોથી પરિપૂર્ણ આ સમગ્ર વિશ્વ પણ જો એક મનુષ્યને આપવામાં આવે, તો પણ તે સંતુષ્ટ નહિ થાય. અહો ! મનુષ્યની આ તૃષ્ણા ઘણી જ દુષ્પૂર છે ! અર્થાત્ કોઈ રીતે પૂરી કરી શકાય તેવી નથી.

**सुवण्ण-रुप्पस्स उ पव्वया भवे,**
**सिया हु केलाससमा असंखया ।**
**नरस्स लुद्धस्स न तेहि किंचि,**
**इच्छा हु आगाससमा अणन्तिया ॥१॥**

ચાંદી અને સોનાના કૈલાસપર્વત જેવા મોટા અસંખ્ય પર્વતો પાસે હોય તો પણ લોભી મનુષ્યની તૃપ્તિ માટે તે કંઇ પણ નથી; કારણ કે તૃષ્ણા આકાશના જેવી અનંત છે.

**जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।**
**दोमासाकणयं कज्जं, कोडीए वि न निट्ठियं ॥१॥**

જેમ જેમ લાભ થતો જાય છે, તેમ તેમ લોભ વધતો જાય છે. બે માસાથી પૂરું કરવા ધારેલું કાર્ય કરોડો રૂપિયે પણ પૂરું ન થયું. ( આ ગાથા મહર્ષિ કપિલનાં દૃષ્ટાન્તને અનુલક્ષીને કહેવામાં આવી છે કે જે રાજા પાસે બે માસા સોનું માગવા ગયા હતા, પણ રાજાએ ઇચ્છામાં આવે તેટલું માગવાનું કહેતાં, તે ક્રમે ક્રમે કરોડો રૂપિયા સુધી અને તેના સમસ્ત રાજ્યને માગવા સુધી પહોંચી ગયા હતા, પરંતુ પાછળથી સન્મતિ આવતાં તેમણે કંઇ પણ ન માગતાં સંતોષનો જ આશ્રય લીધો હતો. )

पुढवी साली जवा चेव, हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स, इइ विज्ञा तवं चरे ॥१॥

ચોખા, જવ આદિ ધાન્યો તથા સુવર્ણ અને પશુઓથી પરિપૂર્ણ આ સમસ્ત પૃથ્વી પણ લોભી મનુષ્યને તૃપ્ત કરી શકતી નથી, એમ જાણીને સુજ્ઞજનોએ ઇચ્છાનિરોધરૂપ તપનું અવલંબન લેવું ઈષ્ટ છે.

अहे वयन्ति कोहेण, माणेणं अहमा गई ।
माया गइपडिग्घाओ, लोहाओ दुहओ भयं ॥१॥

ક્રોધથી અધઃપતન થાય છે, માનથી અધમ ગતિ મળે છે, માયા સદ્‌ગતિનો નાશ કરે છે, પરંતુ લોભ તો આ લોક તથા પરલોક બંનેને ભય સમાન છે.

અથવા

कोहो पीइं पणासेइ, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥१॥

ક્રોધ પ્રીતિ કે સદ્ભાવનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો એટલે વિશ્વાસનો નાશ કરે છે, પરંતુ લોભ તો સર્વનો નાશ કરે છે.

લોભને સર્વનાશક કહેવાનો હેતુ એ છે કે–લોભી મનુષ્ય લોભવશાત્ જૂઠું બોલે છે, અણુદીધેલી વસ્તુ ઉપાડી લે છે, પરિગ્રહમાં વધારો કર્યા કરે છે અને હિંસા પણ કરે છે. કહ્યું છે કે:

स्वामिगुरुबन्धुवृद्धानबलान् जीर्णदीनादीन् ।
व्यापाद्य विगतशंको, लोभार्त्तो वित्तमायत्ते ॥१॥

લોભને વશ થયેલો પુરુષ પોતાના માલીક, ગુરુ, બન્ધુ, વૃદ્ધ, સ્ત્રી, બાળક, દુર્બલ અને અનાથોને પણ નિઃશંક મારી નાખીને ધન ગ્રહણ કરે છે.

લોભી મનુષ્ય પોતાની ઈચ્છા પૂરી ન થતાં ક્રોધે ભરાય છે, અથવા કંઈક પ્રાપ્તિ થાય છે તો અભિમાન કરે છે, વિવિધ પ્રકારના છલ–કપટો કે માયાનો આશ્રય લે છે અને તે મિત્રો કે મુરબ્બીઓ સાથે પણ લડે છે. આ રીતે લોભની સર્વનાશકતા જોઈને જ સંતોએ કહ્યું છે કે:

अर्थमनर्थं भावय नित्यं, नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः, सर्वत्रैषा विहिता रीतिः ॥१॥

હે મુમુક્ષુ ! તું ધનને નિરંતર અનર્થરૂપ માન. સત્ય હકીકત એ છે કે–તેનાથી સુખનો અંશ પણ પ્રાપ્ત થતો નથી. જે ઘણો ધનવાળો હોય છે, તેને (બીજાનો ભય તો હોય છે

પણ ) પોતાના પુત્રનો ય ભય હોય છે. આવી રીતિ સર્વત્ર જોવામાં આવે છે.

જેમ ક્રોધને ક્ષમાથી જીતી શકાય છે, માનને નમ્રતાથી જીતી શકાય છે અને માયાને સરલતાથી જીતી શકાય છે, તેમ લોભને સંતોષથી જીતી શકાય છે.

'સંતોષી સદા સુખી' એ જગત્નો અનુભવ છે. 'સંતોષ સમું સુખ નહિ' એ મહર્ષિઓનો મત છે અને 'સંતોષ એ જ પરમ નિધાન છે' એવું તત્ત્વજ્ઞોનું તારણ છે. તેથી સુજ્ઞ જનોએ સંતોષને ધારવો અને લોભને મારવો એ જ સર્વથા સમુચિત છે.

## (૧૦-૧૧) રાગ અને દ્વેષ.

*રાગ હોય ત્યાં દ્વેષ હોય છે અને દ્વેષ હોય ત્યાં રાગ હોય છે, તેથી આ બંને પાપસ્થાનકોનો વિચાર સાથે કરવામાં આવે છે.

શાસ્ત્રકારોના અભિપ્રાયથી આત્માનું અધઃપતન કરનારી મુખ્ય બે વૃત્તિઓ તે રાગ અને દ્વેષ છે. તેમાં રાગ એ માયા અને લોભની મુખ્યતાવાળી વૃત્તિ છે અને દ્વેષ એ ક્રોધ તથા માનની મુખ્યતાવાળી વૃત્તિ છે. આ બંને વૃત્તિઓની ભયંકરતાનું પૂરેપૂરું વર્ણન કરી શકાય તેવું નથી, છતાં તેનો કંઇક ખ્યાલ આવે તેવા હેતુથી અહીં થોડા શબ્દો લખવામાં આવે છે.

---

* આ વાકય બહુલતાએ સમજવું. નવમા ગુણસ્થાનક સુધી રાગ-દ્વેષ બન્ને સાથે છે, પરંતુ દશમા ગુણસ્થાનકે એકલો રાગ જ હોય છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે આ બંને દોષોનું દુર્જય-પણું વર્ણવતાં યોગશાસ્ત્રના ચતુર્થ પ્રકાશમાં કહ્યું છે કે–

**आत्मायत्तमपि स्वान्तं, कुर्वतामत्र योगिनाम् ।**
**रागादिभिः समाक्रम्य, परायत्तं विधीयते ॥१॥**

અન્તઃકરણને આત્માધીન બનાવનારા યોગીઓનું મન પણ રાગ અને દ્વેષનું આક્રમણ થતાં પરાધીન બની જાય છે.

**रक्ष्यमाणमपि स्वान्तं, समादाय मनाग्मिषम् ।**
**पिशाचा इव रागाद्याच्छलयन्ति मुहुर्मुहुः ॥१॥**

યોગીઓ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ વગેરે ઉપાયોવડે અંતઃકરણનું રક્ષણ કરે છે, છતાં રાગ અને દ્વેષ (એવા ધૂર્ત છે કે જે) કંઈ પણ બહાનું કાઢીને તેમાં પેસી જાય છે અને પિશાચની જેમ તેમને વારંવાર છળે છે.

**रागादितिमिरध्वस्त–ज्ञानेन मनसा जनः ।**
**अन्धेनान्ध इवाकृष्टः, पात्यते नरकावटे ॥१॥**

એક આંધળો બીજા આંધળાથી ખેંચાઇને જેમ ખાડામાં પડે છે, તેમ રાગાદિ અંધકારવડે જેનું જ્ઞાન નષ્ટ થયું છે એવા મનવડે મનુષ્ય નરકના ખાડામાં પડે છે.

ભાઇઓએ બીજા પ્રત્યે ખુલ્લો અન્યાય આચર્યો હોય, છતાં પક્ષ કોનો લેવાય છે? પત્ની પાડોશણ સાથે ખોટો ઝઘડો કરી આવી હોય છતાં વાંક કોનો કઢાય છે? છોકરાએ ખરેખર બીજાનું અડપલું કર્યું હોય છતાં કહેવા આવે ત્યારે કેવો

જવાબ અપાય છે ? એક હુબસણને જુદા જુદા વર્ગના અનેક બાળકો બતાવીને પૂછવામાં આવ્યું કે 'બાઈ, આ બધાં બાળકોમાં તને કોનું બાળક સુંદર જણાય છે ?' ત્યારે હુબસણે બધાં બાળકોને જોયા પછી જણાવ્યું કે 'મને તો હુબસીનું બાળક સુંદર જણાય છે.' આમ કેમ ? ફૂલના ગોટા જેવા અનેક બાળકો હાજર હોવા છતાં એ હુબસણે આવો જવાબ કેમ આપ્યો ? એનું કારણ શોધવા માટે આપણને દૂર જવું પડે તેમ નથી. રાગથી અંધ થયેલી દૃષ્ટિ વિવેકને ભૂલી જાય છે અને વિવેક ભૂલાતાં આવું પરિણામ આવે તે સ્વાભાવિક છે.

જે કાર્ય માટે આપણે બીજાની વારંવાર નિંદા કરી હોય છે, બીજાની વારંવાર ઘૃણા કરી હોય છે, તે જ કાર્ય જો આપણા માતાપિતા, વડીલ, ગુરુ કે કુટુંબ-પરિવારના કોઈ માણસે કર્યું હોય તો તેમનો બચાવ કરવા લાગી જઈએ છીએ, એ શું બતાવે છે ? રાગથી અંધ થયેલો આત્મા ન્યાય-નીતિને વિસરી જાય છે અને ખુલ્લંખુલ્લા અસત્યનો આશ્રય લે છે, એ નિર્વિવાદ છે. આવી સ્થિતિમાં-આવી હાલતમાં નરકના દરવાજા ન ખુલે તો બીજું શું થાય ?

રાગનું સ્વરૂપ ત્રણ પ્રકારનું માનવામાં આવ્યું છે. (૧) દૃષ્ટિરાગ, (૨) કામરાગ અને (૩) સ્નેહરાગ. તેમાં કુપ્રવચનની આસક્તિ એ દૃષ્ટિરાગ છે. કુપ્રવચન એટલે ખોટા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરનારાં પ્રવચનો કે શાસ્ત્રો. દૃષ્ટિરાગ જ્યાં સુધી હોય ત્યાં સુધી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થતી નથી. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્તિ કરવી તે કામરાગ છે. એના પરિણામો અતિ ભયંકર છે. શબ્દમાં આસક્તિ રાખ-નારું હરણ પારધિઓવડે પકડાય છે અને માર્યું જાય છે.

રૂપની આસક્તિવાળું પતંગિયું દીવાની જ્યોતમાં ઝંપલાવે છે અને પ્રાણનાશને નોતરી લે છે. રસની આસક્તિવાળું માછલું સ્વાદિષ્ટ માંસનો ટૂકડો ખાવા જતાં ગલના કાંટાથી વીંધાય છે અને મૃત્યુ પામે છે. ગંધની આસક્તિવાળો ભમરો કમલમાં બીડાય છે અને કાળનો કોળિયો બની જાય છે. સ્પર્શસુખની આસક્તિવાળો હાથી સ્પર્શસુખનો અનુભવ લેવા જતાં ખાડામાં પડી જાય છે અને કાયમનો ગુલામ બને છે. જ્યાં એક એક વિષયની આસક્તિ આવો અનર્થ ઉપજાવતી હોય ત્યાં પાંચ વિષયની આસક્તિનું કહેવું જ શું ? શબ્દની લાલસાએ અનેકનાં સાન-ભાન ભૂલાવ્યાં છે અને તેમને પાયમાલ કર્યા છે. રૂપની લાલસાએ અનેક નરબંકાઓ રણમાં રોળાયા છે અને અમૂલ્ય માનવજીવન હારી ગયા છે. ગંધની લાલસા પણ એટલી જ અનર્થકારી છે. રસની લાલસાએ ખડતલ મનુષ્યને કાયમના રોગી બનાવી દીધા છે અને તેમની અમૂલ્ય જીવનસંપત્તિ હરી લીધી છે. સ્પર્શની લાલસાએ પણ મનુષ્યના અનેક સદ્ગુણોનો નાશ કર્યો છે અને તેને લગભગ પશુકોટિમાં મૂકી દીધો છે. એટલે કામરાગ મનુષ્યનો મોટામાં મોટો શત્રુ છે અને તેનો નાશ કર્યે જ છૂટકો. કુટુંબીજનો કે મિત્રો વગેરે પર સ્નેહ રાખવો એ સ્નેહરાગ કહેવાય છે. આ રાગના પરિણામે પણ મનુષ્ય અનેક પ્રકારની પાપમય પ્રવૃત્તિ કરવાને પ્રેરાય છે એટલે તેની ખતવણી પણ પાપસ્થાનકમાં કરવામાં આવી છે.

અહીં એટલું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે કે કુટુંબીજનો કે મિત્રો વગેરે પર સ્નેહ ન રાખવો પણ સદ્ભાવ

રાખવો, કારણ કે સ્નેહના મૂળમાં રાગ રહેલો છે અને સદ્-ભાવના મૂળમાં કલ્યાણની વૃત્તિ રહેલી છે. કુટુંબીજનો અને મિત્રો પ્રત્યે જો સદ્ભાવથી વર્તવામાં આવે તો ઉભયનું હિત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો મનુષ્યે કુટુંબીજનો કે મિત્રો વગેરે પ્રત્યે રાગાંધ ન બનતાં તેમને પણ સન્માર્ગે ચડાવવા અને એ જાતનો પુરુષાર્થ કરવામાં આનંદ માણવો ઇષ્ટ છે, પરંતુ તેમની કુપથગામી વૃત્તિઓને પોષવી અને તેમાં આનંદ માણવો એ હરગીઝ ઇષ્ટ નથી. જો આટલી વાત મનુષ્ય બરાબર સમજી લે અને તેનો અમલ કરે તો પ્રત્યેક કુટુંબ આદર્શ બની જાય અને સમસ્ત સમાજ પણ સુવ્યવસ્થિત બને.

દ્વેષ એટલે અણગમો કે તિરસ્કાર, તેનું સ્વરૂપ અગ્નિના તણખા જેવું છે. જેમ અગ્નિનો નાનો સરખો તણખો ઘાસની મોટામાં મોટી ગંજીને બાળી નાખે છે, તેમ દ્વેષનો થોડો ઉદય પણ મનુષ્યના મહાન્ ગુણોનો નાશ કરે છે.

દ્વેષ ઉત્પન્ન થયો કે ઇર્ષ્યા આવે છે અને ઇર્ષ્યા આવી કે ગુણગ્રાહકતા એક ખૂણે લપાઈ જાય છે, તેથી સામાના દોષો દસગણા દેખાવા લાગે છે અને ગુણ ગમે તેવડા મોટા હોય તો પણ નજરે પડતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો ઇર્ષ્યાથી ગુણગ્રાહકતા નાશ પામે છે અને ગુણગ્રાહકતા નાશ પામતાં આત્માનું અધઃપતન અનિવાર્ય બને છે. આજ સુધી જે આત્માઓ અભ્યુદયના માર્ગે આગળ વધ્યા છે અથવા સાચી સફલતાના અધિકારી થયા છે, તે સર્વેએ ગુણગ્રાહકતાનો આશ્રય લીધો હતો અને હવે પછી પણ જે આત્માઓને અભ્યુદયના માર્ગે આગળ વધવું હશે કે સાચી સફલતાના

અધિકારી થવું હશે તેમણે ગુણગ્રાહકતાનો આશ્રય લેવો જ પડશે. ગુણ જોનારમાં ગુણનો સંગ્રહ થાય છે અને દોષ જોનારમાં દોષનો સંગ્રહ થાય છે, કારણ કે **यादृशी भावना तादृशी सिद्धिः** એ વિશ્વનો સનાતન નિયમ છે.

ઈર્ષ્યા આગળ વધી કે નિંદા શરૂ થાય છે, જે વિચાર અને વાણી બંનેને અપવિત્ર બનાવે છે તથા કાર્યોમાં પણ અનુચિતતાનો ઉમેરો કરીને શરૂ થયેલા આત્માના અધઃપતનને વધારે વેગ આપે છે, પરંતુ વાત એટલેથી જ અટકતી નથી. નિંદાનો અતિરેક વૈરવૃત્તિને આમંત્રણ આપે છે અને વૈરવૃત્તિ આવી પહોંચી કે મનુષ્ય સારાસાર, હિતાહિત કે કર્ત્તવ્યાકર્ત્તવ્ય બધું ભૂલી જઈને ખુલ્લંખુલ્લા અન્યાયનો આશ્રય લે છે, નીતિને કોરે મૂકે છે અને ન કરવા જેવાં અનેક કાર્યો કરીને અધઃપતનના ઇતિહાસને પૂરો કરે છે.

અહો દ્વેષની લીલા! એનું શું વર્ણન કરીએ? એણે ભાઈ-ભગિનીઓને છોડ્યા નથી, મિત્રો અને મુરબ્બીઓને મૂક્યા નથી, તેમજ સત્પુરુષો અને સાધુસંતોને સતાવવામાં પણ પાછી પાની કરી નથી! આવા દુષ્ટશિરોમણિ દ્વેષને કયો સજ્જન પોતાના દિલમાં સ્થાન આપે?

તાત્પર્ય કે-રાગ અને દ્વેષને આત્માના પરમ શત્રુ જાણીને તેમનો સમભાવરૂપી સબળ શસ્ત્રવડે સંપૂર્ણ સંહાર કરવો એ સુજ્ઞજનોનું પરમ કર્તવ્ય છે. કહ્યું છે કે—

**अस्ततंद्रैरतः पुंभिर्निर्वाणपदकांक्षिभिः ।**
**विधातव्यः समत्वेन, रागद्वेषद्विषज्जयः ॥ १ ॥**

સર્વ દુઃખનો અંત આણનાર નિર્વાણપદની ઇચ્છા કરનારે સાવધાન થઇને સમભાવરૂપ શસ્ત્રવડે રાગ અને દ્વેષરૂપ શત્રુનો વિજય કરવો.

अमन्दानन्दजनने साम्यवारिणि मज्जताम् ।
जायते सहसा पुंसां रागद्वेषमलक्षयः ॥
प्रणिहन्ति क्षणार्धेन साम्यमालम्ब्य कर्म तत् ।
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥ १ ॥

મહાઆનંદને ઉત્પન્ન કરનાર, સમભાવરૂપ પાણીમાં ડૂબકી મારનાર પુરુષનો રાગ અને દ્વેષરૂપી મેલ જલદી નાશ પામે છે.

મનુષ્ય સમભાવનું આલંબન લઇને એક મુહૂર્ત ( બે ઘડી )માં જે કર્મનો ક્ષય કરે છે, તે તીવ્ર તપવાળા કરોડો જન્મમાં પણ કરી શકતો નથી.

## ( ૧૨ ) કલહ.

કલહ એટલે કજિયો, કંકાસ, ઝઘડો કે ટંટો. તે ક્રોધાદિ કષાયનો કુટુંબી છે અને રાગ તથા દ્વેષનો દિલોજાન દોસ્ત છે, તેથી તેને પાપસ્થાનકની પંક્તિમાં બેસાડવામાં આવ્યો છે.

એક પતિદેવે કહ્યું: ‘ અલી ’ તું આ ઘરની સારસંભાળ કેમ કરતી નથી ? ’

પત્નીએ કહ્યું: ‘ ગમાર ! તું પોતે જ એ કેમ કરતો નથી’ ?

પતિદેવે કહ્યું: ‘ અરે ક્રોધમુખી ! તું આ શું બોલે છે ? ’

પત્નીએ કહ્યું: ‘ કાળમુખા ! હું સાચું જ કહું છું. ’

પતિદેવે કહ્યું: ‘ હે પાપિણી ! તું સંભાળીને બોલ. ’

પત્નીએ કહ્યું : 'પાપી તારો બાપ !'

જ્યાં આ પ્રકારનો દંતકલહ કે જીભાજોડી નિત્ય ચાલુ હોય ત્યાં સુખ અને શાંતિ ક્યાંથી હોય ? અને લક્ષ્મી પણ કેમ ટકે ?

**દંતકલહ જે ઘરમાં હોય,**
**લચ્છીનિવાસ તિહાં નવિ જોય.**

કેટલાક દુષ્ટ પ્રકૃતિના મનુષ્યો જાણીબૂઝીને ઝગડો કરે છે અને સામાને વાંકમાં લાવી પોતાનું મનમાન્યું કરે છે. આવા પ્રસંગે કંઈ પણ ન બોલતાં ચૂપ રહેવું એ જ ઉત્તમ છે, અન્યથા બકરીનાં બચ્ચાં જેવી સ્થિતિ થાય છે.

કોઈ ઝરાના કિનારે એક વરુ અને એક બકરીનું બચ્ચું પાણી પીતાં હતાં. તેવામાં વરુની દાનત બગડી એટલે તે બોલ્યું : 'અરે નાદાન ! તું પાણી કેમ ડહોળી નાખે છે ? તારું ડહોળેલું પાણી મારી તરફ આવે છે તે જોતું નથી ?'

બકરીનાં બચ્ચાંએ કહ્યું : 'મહેરબાન ! તમે ઉપરના ભાગમાં પાણી પીઓ છો ને હું નીચેના ભાગમાં પાણી પીઉં છું, તો મારું પાણી તમારી તરફ કેવી રીતે આવે ?'

વરુએ કહ્યું : 'સામો જવાબ આપતાં શરમ નથી આવતી ? આજથી છ મહિના પહેલાં તેં જ મને ગાળ દીધી હતી, ખરું ને ?'

બકરીનાં બચ્ચાંએ કહ્યું : 'મારો જન્મ થયાને હજી ત્રણ મહિના થયા છે તો છ મહિના પહેલાં ગાળ કેવી રીતે દીધી હશે ?'

વરુએ કહ્યું : 'વધારે બોલવાની જરૂર નથી. તેં નહિ તો તારા બાપે ગાળ દીધી હશે અને તારા બાપે નહિ દીધી હોય

તો એના બાપે દીધી હશે પણ તમે લોકોએ મને ગાળ દીધી છે, એ નિશ્ચિત છે; માટે હું તમને શિક્ષા કર્યા વિના નહિ રહું.'

આટલું બોલી તે વરુએ બકરીનાં બચ્ચાંને પકડીને મારી નાખ્યું.

કલહને કોઇએ નાનો સમજવો જ નહિ. શરૂઆતમાં તે રાઈના દાણા જેવો નાનો હોય છે, પણ જોતજોતામાં પહાડ જેવો બની જાય છે. સામાન્ય બોલાચાલીમાંથી હુંકારા-તુંકારા થાય છે; હુંકારા-તુંકારામાંથી ગાળાગાળી જન્મે છે; અને ગાળાગાળીમાંથી એક બીજા પર અણછાજતા આક્ષેપો મૂકવાની શરૂઆત થાય છે. પછી લાકડીઓ ઉચકાય છે, હથિયારો લેવાય છે અને એક બીજાનાં માથાં ભંગાય છે કે ગળાં રેંસાય છે. એટલે કલહનું આખરી પરિણામ ભયંકર દુર્દશામાં જ આવે છે.

કલહને ઉત્તેજન આપવું એ પણ ભયંકર પાપ છે, કારણ કે એથી કલહ કરનારા બેવડા જોરમાં આવી જાય છે અને પોતાનો સર્વનાશ થાય ત્યાં સુધી લડે છે. કોર્ટ-કચેરીમાં ચાલી રહેલા કેસો જુઓ એટલે એ વાતની વધારે પ્રતીતિ થશે. જે ઘર, જમીન કે ખેતર માટે કજિયો ચાલતો હોય તે ઘર, જમીન, ખેતરની કિંમત જેટલા પૈસા માત્ર વકીલની ફીના થઈ જાય, છતાં ટંટો ઊભો રહે છે. તેથી જ કહેવાયું છે કે-' **વારે કલહ સ્વભાવે સંત**-' જે પુરુષો ઉત્તમ પ્રકૃતિના હોય છે, તે કલહને ઉત્તેજન ન આપતાં તેનું શમન થાય તેવા ઉપાયો કરે છે. કલહ શું નથી કરતો ? એ પિતા અને પુત્રના સંબંધો છોડાવે છે, ગુરુ અને શિષ્યના ધર્મો ભૂલાવે છે, પતિ અને પત્નીના સ્નેહને વિસરાવે છે, ભાઈ-ભાઈ વચ્ચે અબોલા લેવડાવે છે

અને જ્ઞાતિ, જાતિ, સમુદાય, સંપ્રદાય કે રાષ્ટ્રને પાયમાલીના પંથે ધકેલે છે, તેથી એનો આશ્રય ન લેવો એ જ ઈષ્ટ છે.

જે પુરુષો ક્ષમા, ઉદારતા, સહનશીલતા, નમ્રતા, સરલતા, સંતોષ, ધીરજ, ન્યાયવૃત્તિ અને સમભાવ જેવા ઉમદા ગુણો કેળવે છે, તે કલહવૃત્તિ પર સંપૂર્ણ કાબૂ મેળવી શકે છે અને છેવટે સર્વ કલેશોથી મુક્ત થઇને પરમાનંદની પ્રાપ્તિ કરી શકે છે.

## (૧૩) અભ્યાખ્યાન.

શાસ્ત્રકાર મહર્ષિઓએ અભ્યાખ્યાનની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે: '**आभिमुख्येन आख्यानं दोषाविष्करणमभ्याख्यानम्**–અભિમુખતાથી કહેવું એટલે કે કોઈના દોષો પ્રકટ કરવા તે અભ્યાખ્યાન કહેવાય છે.'

કોઇની ભૂલ જણાતાં તેને એકાંતમાં બોલાવીને કહેવું કે–'તમારી અહીં ભૂલ થાય છે અથવા તો તમે આ ખોટું કરી રહ્યા છો' એ એક વાત છે અને તેને પાંચ માણસની વચ્ચે ઉતારી પાડવો, એ બીજી વાત છે. એકમાં તેના પ્રત્યે લાગણી છે અથવા તેને સુધારવાની વૃત્તિ છે, જ્યારે બીજામાં તેને હલકો પાડવાનો સંતોષ છે અથવા તેને સ્થાનભ્રષ્ટ કરવાનો પ્રયાસ છે. આ કારણે સજ્જન પુરુષો કોઈની પણ જાહેરમાં આકરી ટીકા કરતા નથી કે તેને પાંચ માણસની વચ્ચે ઉતારી પાડતા નથી, પરંતુ પ્રસંગ જોઈને કહેવા યોગ્ય બે શબ્દો એકાંતમાં જ કહે છે અને તેની અસર ઘણી સુંદર થાય છે.

સામાનું દૃષ્ટિબિંદુ સમજ્યા વિના તે અમુક વિચારો જ ધરાવે છે કે અમુક ઈરાદાઓ જ રાખે છે, એમ કહેવું તે પણ એક પ્રકારનું અભ્યાખ્યાન જ છે. એનું પરિણામ વળતા આક્ષેપોમાં

આવે છે અને તેમાંથી ન ધાર્યો હોય તેવો ઉગ્ર કલહ જામી પડે છે. આજનાં વર્તમાનપત્રો એનો જીવતો-જાગતો પૂરાવો છે.

અમુક નીતિને વરેલા વર્તમાનપત્રો બીજાનું દૃષ્ટિબિંદુ નિષ્પક્ષપાત રીતે રજૂ કરવાને બદલે તેને કઢંગી રીતે રજૂ કરે છે અને તેના પર આકરી ટીકાઓ કરે છે. આ ટીકાઓને પરિણામે ઉગ્ર ચર્ચાપત્રોનો જન્મ થાય છે અને સામસામા અગ્રલેખો લખાય છે તથા લાગતાવળગતા પક્ષોને ઉશ્કેરી દલબંધી કરવાનો પ્રયાસ પણ કરવામાં આવે છે. આ સમગ્ર પ્રવૃત્તિનું પરિણામ એ આવે છે કે-પક્ષભેદ કાયમના બને છે અને તેનાં એક પ્રબળ હથિયાર તરીકે વર્તમાનપત્રોને મનગમતો તડકો પડે છે. પરંતુ આ જાતના પત્રકારિત્વથી દેશ કે સમાજને આયંદે ફાયદો ન થતાં મોટું નુકસાન જ થાય છે.

ભૂલવાળાની ભૂલ પણ જાહેરમાં પ્રકટ કરવી યોગ્ય નથી; ત્યારે વગર ભૂલવાળાને ભૂલવાળા ઠેરવવા અને તેમને જાહેર સમક્ષ ઉઘાડા પાડવા એ કેટલું ભયંકર ગણાય ? તેનો વિચાર સુજ્ઞજનોએ કરવો ઘટે છે. એવા અસત્ય દોષારોપણોથી સામાને એટલું બધું દુઃખ થાય છે કે તે દુઃખના દબાણથી જ તે પાગલ બની જાય છે કે તેનું હૃદય કામ કરતું બંધ પડે છે. તેથી કોઈના પર આળ ચડાવવું કે કોઈ નિર્દોષને દોષિત ઠરાવવાનું પગલું ભરવું એ હરગીજ ઉચિત નથી.

કોઈને પણ દોષિત ઠરાવતાં પહેલાં કે દોષિત જાહેર કરતાં પહેલાં ઓછામાં ઓછા નીચેના પ્રશ્નો પોતાની જાતને પૂછવા ઘટે :

(૧) આ દોષ મેં નજરોનજર જોયો છે ખરો ? નજરોનજર જોયેલી વાતમાં પણ ખોટાં અનુમાનો થવાનો સંભ૦

ખરો કે નહિ? મારું અનુમાન ખોટું નથી એની મેં પૂરી ખાતરી કરી લીધી છે?

(૨) આ દોષની હકીકત મેં બીજા પાસેથી સાંભળી છે, તો બીજાએ તે વાત સત્ય હોવાની પૂરેપૂરી ખાતરી કર્યાનું જાણવામાં છે ખરું? અથવા તેણે આ વાત જાણીબૂઝીને કે બદઈરાદાથી તો નથી કહી? કેટલીક વાર ઓછી અક્કલથી પણ માણસો બીનપાયાદાર વાત ફેલાવે છે, તે સત્ય નથી શું?

(૩) સામાનો જે દોષ હું જાહેર કરવા ઈચ્છું છું, તેથી તેનું હિત થવાનો સંભવ છે ખરો?

અતિવાચાળતાથી આ દોષને ઘણી વાર ઉત્તેજન મળે છે, તેથી મનુષ્યે જે કંઈ બોલવું તે વિચારીને બોલવું ઘટે છે. કર્ણોપ-કર્ણ સાંભળેલી વાતને સાચી માની લઈને તેનો પ્રચાર કરવો કે તેના આધારે બીજાને દોષિત માની લેવા એના જેવી મૂર્ખતા કે એના જેવું પાપ આ જગતમાં બીજું કોઈ પણ નથી.

મધ્યસ્થ દૃષ્ટિવાળો મનુષ્ય કદિ કોઈ પર ખોટું દોષા-રોપણ કરતો નથી.

## (૧૪) પૈશુન્ય

સત્ય અને અસત્ય દોષોને છૂપી રીતે પ્રકટ કરવા તેને પૈશુન્ય કહેવાય છે. '**पिशुनकर्म प्रच्छन्नं सदसद्दोषाविर्भावनम्।**' લૌકિક ભાષામાં તેને ચાડીચુગલી કે ભંભેરણી કહેવામાં આવે છે, તેનાં પરિણામો કેવા ભયંકર છે તે જણાવવાની જરૂર છે ખરી? મંથરાદાસીએ કૈકેયીના કાન ભંભેર્યા, તેનું પરિણામ શું

આણ્યું ? અયોધ્યાની ગાદીના સાચા વારસદાર રામને ગાદી છોડવી પડી, ચૌદ વરસનો કારમો વનવાસ વેઠવો પડ્યો, તેમાં સીતા જેવી સતીનું હરણ થયું, તેને અનેકવિધ યાતનાઓ ભોગવવી પડી. વળી તે જ કારણે રામ અને રાવણ વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો અને લાખો જીવોની કતલ થઈ. બીજી બાજુ દશરથ રાજાનું મૃત્યુ થતાં કૈકેયી વિધવા બની અને જે ભરતને માટે ગાદી માગી લેવામાં આવી હતી, તે ભરતને એથી જરાયે આનંદ ન થયો. તાત્પર્ય કે-એક ચુગલખોર દાસીની ભંભેરણીએ અયોધ્યાના આદર્શ રાજકુટુંબમાં નહિ ધારેલો ઉત્પાત મચાવ્યો અને તેમના સુખ-શાંતિનો મહદ્ અંશે નાશ કર્યો.

જે મનુષ્યને ચાડી-ચુગલી કરવાની ટેવ પડે છે, તેની જીભ સદા સળવળતી રહે છે. તે કોઈની પોણી સોળ આની વાત સાંભળે છે કે ઝડપથી પકડી લે છે અને તેમાં પોતાના તરફથી થોડું મીઠું-મરચું ભભરાવીને તેને એવી રસિક બનાવી દે છે કે કાચા કાનના મનુષ્યોને તે સાંભળવામાં ખૂબ રસ પડે છે. આવા મનુષ્યો અનેકને દેવાળાં કઢાવે છે, અનેકનાં ઘર ભંગાવે છે, અનેકના સુખી સંસારને સળગાવી મૂકે છે અને કોઈનું કંઈ ભલું થતું હોય કે ઠેકાણું પડતું હોય તો તેને પોતાની આ દુષ્ટ ટેવથી તોડી પાડે છે. બદલામાં તેને ફૂટી કોડી પણ મળતી નથી, એટલું જ નહિ પણ ચાડિયા કે ચુગલખોરનો ઈલ્કાબ પ્રાપ્ત થાય છે અને તેની પ્રતિષ્ઠાનો ક્ષય-રોગીના શરીરની જેમ શીઘ્ર ક્ષય થાય છે.

'જે મનુષ્ય એકની નબળી વાત બીજાને કરે છે, બીજાની નબળી વાત ત્રીજાને કરે છે અને ત્રીજાની નબળી વાત ચોથાને

કરે છે, તે આપણી કોઈ પણ નબળી વાત બીજાને નહિ કહે તેની શું ખાતરી ?' આવો વિચાર કોઈ પણ સુજ્ઞ મનુષ્યને આવે છે, તેથી તેઓ ચાડીખોર મનુષ્યના સાંભળતા કોઈ પણ વાત કરતા નથી, એટલું જ નહિ પણ તેનાં પગલાં ક્યારે ટળે, તેની રાહ જોતા હોય છે. તેથી સુજ્ઞજનોએ પૈશુન્યનો પડછાયો લેવો પણ કલ્પતો નથી.

પૈશુન્યનો અર્થ દુર્જનતા કરીએ તો તેનાથી દશ કોશ દૂર રહેવું ઘટે છે, કારણ કે દુર્જનતાવાળો મનુષ્ય વિદ્યાથી ગમે તેવો અલંકૃત હોય તો પણ સર્પની જેમ સર્વથી તજાય છે અને ભયંકર તિરસ્કારને પાત્ર થાય છે.

## (૧૫) રતિ-અરતિ.

રતિ એટલે હર્ષ, અરતિ એટલે શોક. જ્યાં હર્ષ હોય છે ત્યાં શોક અવશ્ય હોય છે, તેથી બંનેનો સંયુક્ત નિર્દેશ કરવામાં આવ્યો છે.

હર્ષ અને શોક ચિત્તની સ્વસ્થતાને ડહોળે છે, વિચારોની મધ્યસ્થતામાં ભંગ પાડે છે તથા વિવેકના દીપ ઉપર એક જાતનું આવરણ ખડું કરી દે છે, તેથી તેમની ગણના પાપ-પ્રવાહના એક ઉદ્‌ગમસ્થાન તરીકે કરવામાં આવી છે.

નિર્ગ્રંથ મહર્ષિઓનો એ અભિપ્રાય છે કેઃ

**जीअं मरणेण समं उप्पज्जइ जुव्वणं सह जराए ।**
**रिद्धी विणाससहिआ, हरिसविसाओ न कायव्वो ॥ १ ॥**

જીવન મૃત્યુવાળું છે, યૌવન વૃદ્ધાવસ્થાવાળું છે અને રિદ્ધિ વિનાશવાળી છે; તેથી હર્ષ અને શોક કરવો નહિ.

અન્ય મહાત્માઓએ પણ એવો જ ઉપદેશ આપ્યો છે.

**दुःखे दुःखाधिकान् पश्येत् , सुखे पश्येत्सुखाधिकान् ।**
**आत्मानं शोकहर्षाभ्यां, शत्रुभ्यामिव नार्पयेत् ॥ १ ॥**

દુઃખમાં અધિક દુઃખવાળાનો વિચાર કરવો અને સુખમાં અધિક સુખવાળાનો વિચાર કરવો પણ પોતાના આત્માને શત્રુ-ઓને અર્પણ કરતા હોઇએ તેમ શોક કે હર્ષને અર્પણ કરી દેવો નહિ. તાત્પર્ય કે-દુઃખ પડે ત્યારે એમ વિચાર કરવો કે મારા કરતાં બીજાને ઘણું દુઃખ છે, છતાં તેઓ શોક કરતા નથી તો મારે શા માટે શોક કરવો? અને સુખનો સમય આવે ત્યારે એમ વિચારવું કે આ જગતમાં મારા કરતા અનેક-ગણા વધારે સુખી મનુષ્યો છે અને તેમની આગળ હું કંઈ પણ વિસાતમાં નથી તો હર્ષ શું કરવો? આ દુઃખમાં કે સુખમાં મનની સ્વસ્થતા જાળવી રાખવી પણ શોક કે હર્ષને વશ થવું નહિ. તેને વશ થવું એ પરમ શત્રુને વશ થવા બરાબર છે.

**खण्डः पुनरपि पूर्णः पुनरपि खण्डः पुनः शशी पूर्णः ।**
**संपद्विपदौ प्रायः कस्यापि न हि स्थिरे स्याताम् ॥ १ ॥**

ચંદ્રમા ખંડિત હોય છે તે ફરી પૂર્ણ થયા પછી ફરીને ખંડિત થાય છે તથા એ રીતે ખંડિત થયેલો ચંદ્રમા પાછો પૂર્ણ થાય છે. સંપત્તિ-વિપત્તિનો પણ આવો જ પ્રકાર છે. તે ઘણા ભાગે કોઈને ત્યાં સ્થિર થતી નથી.

**कार्यः संपदि नानन्दः पूर्वपुण्यभिदे हि सा ।**
**नैवापदि विषादश्च, सा हि प्राक् पापपिष्टये ॥ १ ॥**

સંપત્તિ મળે તો એ પૂર્વપુણ્યને લીધે જ મળેલી છે એમ

વિચારીને હર્ષ કરવો નહિ અને આપત્તિ આવે તો એને પૂર્વ પાપોનો ઉદય સમજીને વિષાદ કરવો નહિ. તાત્પર્ય કે–બંને અવસ્થામાં પ્રસન્ન રહીને પોતાનાં વર્તમાન કર્તવ્યોને જ સુધારવાં.

જ્યાં ઇચ્છાઓ બળવાન હોય છે, વાસનાઓ જોરદાર હોય છે અને પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે પરમ પ્રીતિ હોય છે, ત્યાં હર્ષ અને શોકનું સામ્રાજ્ય જામી પડે છે, તેથી ઇચ્છાઓનું દમન કરવું, વાસનાઓને કાબૂમાં રાખવી અને પૌદ્‌ગલિક પદાર્થોની નિઃસારતા ચિંતવવી એ સાચું ડહાપણ છે.

મારી અમુક ઇચ્છા પૂરી ન થઇ, મારું અમુક કામ પાર ન પડ્યું વગેરે વિચારો કરીને આત્માને શોકસંતપ્ત કરવો નહિ. કહ્યું છે કેઃ

> **गते शोको न कर्तव्यो, भविष्यं नैव चिन्तयेत् ।**
> **वर्तमानेन योगेन, वर्त्तन्ते हि विचक्षणाः ॥ १ ॥**

જે વાત બની ગઇ તેનો શોક ન કરવો, તેમજ ભવિષ્યની ચિંતાઓ પણ કરવી નહિ, કારણ કે ભવિષ્ય એ વર્તમાન કાળનું જ પરિણામ છે. તેથી વિચક્ષણ પુરુષો વર્તમાન યોગને જ સંભાળે છે.

હર્ષ અને શોક બંને મનની કલ્પનાઓ છે અને તેને સમજણથી જીતી શકાય છે, માટે સુજ્ઞજનોએ ઉચ્ચ પ્રકારની સમજ કેળવીને હર્ષ શોક પર કાબૂ રાખવો.

## ( ૧૬ ) પરપરિવાદ.

કોઇની નિંદા કરવી, કોઇની કુથલી કરવી, કોઇનું ઘસાતું બોલવું કે કોઇનું કપાતું બોલવું, તેને પરપરિવાદ કહેવામાં

આવે છે. તેનાથી ગુણગ્રાહકતાનો નાશ થાય છે અને અધઃ-પતન અનિવાર્ય બને છે, તેથી તેની ગણના પાપપ્રવાહના સોળમા ઉદ્ગમસ્થાન તરીકે કરવામાં આવી છે.

ન્યાય અને નીતિમાં વિચક્ષણ પુરુષોએ કહ્યું છે કેઃ

**स्वश्लाघा परनिन्दा च, मत्सरो महतां गुणे ।**
**असंबद्धप्रलापित्वमात्मानं पातयत्यधः ॥ १ ॥**

પોતાનાં વખાણ, પારકાની નિંદા, મોટાનાં ગુણની ઈર્ષ્યા અને અસંબદ્ધ પ્રલાપ કરવાની ટેવ આત્માનું અધઃપતન કરે છે.

**गुणदोषसमाहारे, गुणान् गृह्णन्ति साधवः ।**
**क्षीरनीरसमाहारे, हंसाः क्षीरमिवामलम् ॥ १ ॥**

ક્ષીર અને નીર (દૂધ અને પાણી) ભેગાં થયા હોય તો હંસો નિર્મલ ક્ષીરને જ ગ્રહણ કરે છે તેમ સાધુપુરુષો ગુણ અને દોષના સમૂહમાંથી ગુણોને જ ગ્રહણ કરે છે.

**स्वगुणं परदोषं वा, वक्तुं याचयितुं परम् ।**
**अर्थिनं च निराकर्त्तुं, सतां जिह्वा जडायते ॥ १ ॥**

પોતાનાં મુખે જ પોતાનાં વખાણ કરતાં કે પારકાનાં દોષો કહેતાં, બીજાની પાસે કોઈ પણ વસ્તુની યાચના કરતાં, તેમજ કોઈ જરૂરવાળો પોતાની પાસે આવ્યો તો તેને જાકારો દેતાં સત્પુરુષોની જીભ ઉપડતી નથી. તાત્પર્ય કે, સત્પુરુષો પોતાનાં મુખથી કોઈની નિંદા કરતા નથી.

**परवादे दशवदनः, परदोषनिरीक्षणे सहस्राक्षः ।**
**सद्वृत्तवित्तहरणे बाहुसहस्रार्जुनो नीचः ॥ १ ॥**

નીચ મનુષ્ય પારકાની નિંદા કરવામાં દશ વદનવાળો થાય છે, પારકાના દોષો જોવામાં સહસ્રાક્ષી એટલે હજાર આંખોવાળો થાય છે અને સજ્જનોનું (ન્યાયનીતિવાળાઓનું) દ્રવ્ય હરણ કરવામાં હજાર હાથવાળો અર્જુન બને છે. અર્થાત્ બીજાની નિંદા કરવી, બીજાના દોષો જોવા અને બીજાનું દ્રવ્ય હરણું કરવું એ અધમતાની પરાકાષ્ઠા છે.

બીજાના દોષો જોનારે પોતાના આત્માને એ પ્રશ્ન પૂછવાની જરૂર છે કે 'હું કેવો છું? શું હું ગુણનો ભંડાર છું? મારામાં કોઈ દોષ નથી? તો મારા દોષો સુધારવાને બદલે હું બીજાની નિંદા કરવામાં શા માટે પ્રવૃત્ત થાઉં છું?' કોઇ કવિએ સાચું જ કહ્યું છે કે:

**असंख्या परदोषज्ञा, गुणज्ञा अपि केचन ।**
**स्वयमेव स्वदोषज्ञा, विद्यन्ते यदि पञ्चषाः ॥ १ ॥**

આ જગત્માં બીજાના દોષો જોનારા મનુષ્યો અસંખ્ય છે, ગુણને જોનારા મનુષ્યો બહુ થોડા છે અને પોતાના દોષો પોતાની મેળે જોનારા તો માત્ર આંગળીના ટેરવે ગણાય તેટલા જ (પાંચ કે છ) છે.

આ વિષયમાં પૂજ્યશ્રી સમયસુંદરજી ગણિનાં વચનો પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય છે:

આપ સંભાળો સહુ કો આપણો રે,
નિંદાની મૂકો પડી ટેવ રે;
થોડે ઘણે અવગુણે સહુ ભર્યા રે,
કેહનાં નળિયાં ચુએ કેહનાં નેવ રે.

નિંદા કરે તે થાય નારકી રે,
　　તપ-જપ કીધું સહુ જાય રે;
નિંદા કરો તો કરજો આપણી રે,
　　જેમ છૂટકબારો થાય રે.

ઘીને જવા દેનાર અને કચરાને પકડી રાખનાર ગરણી જેમ આખરે કચરાથી ભરાઇ જાય છે, તેમ અન્યના ગુણોની ઉપેક્ષા કરનાર અને તેના દોષોને નજર સમક્ષ રાખનાર સમય જતાં પોતે જ દોષોથી ભરાઈ જાય છે. તેથી ઇચ્છવા યોગ્ય છે કે કોઈએ કોઇની નિંદા ન કરતાં પોતાના દોષો જોવામાં જ સાવધાન રહેવું અને એ રીતે આત્મસુધારણા કરી મળેલા માનવભવને સાર્થક કરવો.

## (૧૭) માયામૃષાવાદ.

જેમાં માયા અને મૃષાવાદનો સંયુક્ત આશ્રય લેવામાં આવે છે, તેવા સઘળા પ્રપંચો, દગાફટકાઓ અને કાવતરાંઓનો સમાવેશ સત્તરમા પાપસ્થાનકમાં થાય છે. જ્યાં એકલી માયા અને એકલો મૃષાવાદ પણ પાપનું કારણ છે, ત્યાં એ બંનેનો સહયોગ પરમ પાપનું કારણ બને તેમાં કોઇ આશ્ચર્ય નથી. આ વિષયમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના શબ્દો યાદ રાખવા લાયક છે. તેઓ માયામૃષાવાદના સ્વાધ્યાયમાં જણાવે છે કે—

એ તો વિષને વળી ય વઘાર્યું,
　　એ તો શસ્ત્રને અવળું ધાર્યું,
એ તો વાઘનું બાળ વકાર્યું,
　　હો લાલ ! માયામોહ ન કીજીએ.

જેમ વિષને વઘારવાથી, શસ્ત્રને અવળું ધારણ કરવાથી

અને વાઘના બાળકને વિકાર પમાડવાથી પરિણામ ભયંકર આવે છે, તેમ માયા–મૃષાવાદનું પરિણામ પણ અતિ ભયંકર આવે છે, તેથી હે સજ્જનો ! તમે માયા–મૃષાવાદનું સેવન કરશો નહિ.

એ તો માયા ને મોસાવાઈ,
થઈ મહોટા કરે ય ઠગાઇ;
તસ હેઠે ગઈ ચતુરાઈ,
હો લાલ ! માયામોહ ન કીજીએ.

જે લોકો આ દુનિયામાં–દેશનેતાઓ, રાજદ્વારી પુરુષો, ઉદ્યોગપતિઓ, શ્રીમંતો, પંડિતો, વિદ્વાનો, તંત્રીઓ વગેરે મોટા માણસો ગણાઇને માયા–મૃષાવાદનું સેવન કરે છે, તેમની ચતુરાઈ પાણીમાં ગઈ સમજો. તાત્પર્ય કે–જે ચતુરાઈથી પોતાનું તેમજ પારકાનું કલ્યાણ થઈ શકે તેમ છે, તે ચતુરાઈનો બીજાને છેતરવા માટે ઉપયોગ કરવો એ ચતુરાઇનો ખુલ્લો દુરુપયોગ છે, તેથી હે સજ્જનો ! તમે માયા મૃષાવાદનું સેવન કરશો નહિ.

જે જૂઠો દે ઉપદેશ,
જનરંજનનો ધરે વેશ;
તેનો જૂઠો સકલ કલેશ,
હો લાલ ! માયામોહ ન કીજીએ.

જે જાણી જોઇને ખોટો ઉપદેશ આપે છે અથવા સત્યની દરકાર ન કરતાં લોકોને પ્રિય લાગે તેવું આચરણ કરે છે, તેનો સઘળો પરિશ્રમ વ્યર્થ સમજવો. તાત્પર્ય કે–લોકપ્રિયતા મેળવવાની ખાતર જેઓ સત્યને છુપાવે છે અને અંતરમાં જુદું ને દેખાવમાં જુદું એવું માયાવી વર્તન કરે છે તે પણ માયામૃષાવાદી જ છે અને તેમનો એ માયામૃષાવાદ છેવટે

દુર્ગતિમાં લઈ જનારો હોવાથી તેમણે એ દિશામાં જે કંઈ ક્લેશ ઉઠાવ્યો હોય તે નિરર્થક છે, તેથી હે સજ્જનો ! તમે માયામૃષાવાદનું સેવન કરશો નહિ.

કેટલાક મનુષ્યો એમ માને છે કે '**शठं प्रति शाठयं कुर्यात्**-લુચ્ચાઓ તરફ લુચ્ચું વર્તન કરવું' પરંતુ એ નીતિ સુજ્ઞ-પુરુષોને સંમત નથી, કારણ કે તેનો આખરી અંજામ બૂરો હોય છે. થોડી લુચ્ચાઈ સામે વધારે લુચ્ચાઈ, વધારે લુચ્ચા સાથે એથી વધારે લુચ્ચાઈ એવા ક્રમને અનુસરતાં આખરે સર્વ નીતિનિયમોનો નાશ થાય છે અને સન્માર્ગનો લોપ થાય છે, તેથી '**शठं प्रति सत्यं कुर्यात्**-લુચ્ચા પ્રત્યે પણ સત્ય આચરવું' એ નીતિ જ સરવાળે ફાયદાકારક છે.

રાજદ્વારી પુરુષો પોતાનું મનમાન્યું કરી લેવાની વૃત્તિથી કુટિલ કારસ્થાનો રચે છે, તેની જગત્ પર શી અસર થાય છે ? તેનો વિચાર કરો અને વીતરાગ મહાપુરુષો સરલતાભર્યું સત્ય આચરણ કરીને જગતમાં સુખ અને શાંતિનું જે વાતા-વરણ ઊભું કરે છે ! તેનો વિચાર કરો એટલે માયા-મૃષાવાદની અનિષ્ટતા આપોઆપ સમજાઇ જશે.

## (૧૮) મિથ્યાત્વશલ્ય.

મિથ્યાત્વ એટલે તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન, વિપરીત માન્યતા, તે એક પ્રકારનું શલ્ય છે-પાપ છે, તેથી તેને મિથ્યાત્વશલ્ય કહેવામાં આવે છે. તેની ભયંકરતાનું વર્ણન કરતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ જણાવ્યું છે કે:

**मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं विषम् ।**
**मिथ्यात्वं परमः शत्रुर्मिथ्यात्वं परमं तमः ॥ १ ॥**

આ જગતમાં તાવ, ખાંસી, દમ, શૂળ, સંગ્રહણી વગેરે અનેક પ્રકારના રોગો છે, પરંતુ તેમાં કોઇ રોગ મિથ્યાત્વ જેવો મોટો નથી. વળી આ વિશ્વમાં અફીણુ, વછનાગ, સોમલ, તાલપુટ, હળાહળ આદિ અનેક પ્રકારના વિષો છે, પરંતુ તેમાંનું કોઇ વિષ મિથ્યાત્વ જેટલું કાતિલ નથી; તેમજ આ દુનિયામાં શત્રુઓ પણ અનેક પ્રકારના છે, પરંતુ તેમાંનો કોઈ શત્રુ મિથ્યાત્વ જેટલો બળવાન નથી; અને આ લોકમાં અમાસનું અંધારું ગાઢ ગણાય છે, પરંતુ મિથ્યાત્વનો અંધકાર તેના કરતાં અનેકગણો ગાઢ છે, કારણ કે તેના યોગથી દેવ, ગુરુ અને ધર્મનું સત્ય સ્વરૂપ સમજાતું નથી.

અથવા—

**जन्मन्येकत्र दुःखाय, रोगो ध्वान्तं रिपुर्विषम् ।**
**अपि जन्मसहस्रेषु, मिथ्यात्वमचिकित्सितम् ॥ १ ॥**

રોગ, અંધકાર, શત્રુ અને વિષ એક જ જન્મમાં દુઃખ આપે છે, પરંતુ જેનો ઉપચાર થયો નથી, તેવું મિથ્યાત્વ હજારો ભવ સુધી દુઃખ આપે છે.

**देवो रागी यतिः सङ्गी, धर्मः प्राणिनिशुम्भनम् ।**
**मूढदृष्टिरिति ब्रूते, युक्तायुक्ताविवेचकः ॥ १ ॥**

યુક્ત અને અયુક્તનું વિવેચન કરવામાં અસમર્થ એવો મૂઢદૃષ્ટિ( મિથ્યાત્વી ) રાગીને દેવ માને છે; સ્રીસંગ કરનારને

તથા ધન સંગ્રહ કરનારને ગુરુ માને છે અને જીવહિંસામાં ધર્મ માને છે. તાત્પર્ય કે-આ સંયોગોમાં તેનું કલ્યાણ થવાની કોઈ સંભાવના નથી.

એક મહર્ષિએ ઠીક જ કહ્યું છે કે:

કષ્ટ કરો પરે પરે દમો અપ્પા, ધર્મ અર્થે ધન ખરચોજી;
પણ મિથ્યાત્વ છતે તે જૂઠું, તિણે તેહથી તુમ વિરમોજી.

ધર્મ કરવાનાં નિમિત્તે ગમે તેટલું કષ્ટ ઉઠાવો, ગમે તેટલું આત્મદમન કરો અને ગમે તેટલું ધન ખરચો, પણ મિથ્યાત્વ હશે તો એ બધું નિરર્થક છે, માટે હે મુમુક્ષુઓ ! તમે મિથ્યાત્વથી અટકો-મિથ્યાત્વને દૂર કરો.

કિરિયા કરતો ત્યજતો પરિજન, દુઃખ સહતો મન રીઝે જી;
અંધ ન જીપે પરની સેના, તિમ મિથ્યાદૃષ્ટિ ન સીઝે જી.

મિથ્યાદૃષ્ટિ મનુષ્ય વિવિધ પ્રકારની ક્રિયાઓ કરીને, સ્વજન-સંબંધીઓનો ત્યાગ કરીને તથા નાના પ્રકારનાં દુઃખો સહન કરીને ધર્મ કર્યાનો સંતોષ અનુભવે છે, પણ આંધળો નાયક જેમ પારકી સેનાને જીતી શકતો નથી, તેમ મિથ્યાત્વથી અંધ થયેલો તે મનુષ્ય સંસારસાગરનો પાર પામી શકતો નથી.

મિથ્યાત્વનો વિસ્તાર આગળના પુષ્પોમાં અનેક દૃષ્ટિએ અનેક વાર કરેલો છે, એટલે અહીં તેનું આટલું વર્ણન પર્યાપ્ત માનીએ છીએ ને પાઠકોને એક વધુ વાર આ અઢારે પાપ-સ્થાનકોથી વિરમવાનો આગ્રહપૂર્ણ અનુરોધ કરીને વિરમીએ છીએ.

## નવા બહાર પડેલા ગ્રન્થો

### આત્મકલ્યાણમાળા

(૧) હજારો વાંચકો જેની રાહ જોઇ રહ્યા હતા, પૂ. મુનિવરો, સાધ્વીજીઓ, જેની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે તે અત્યંત ભાવોત્પાદક પ્રાચીન પ્રાર્થના, ગુજરાતી સંસ્કૃત ચૈત્યવંદનો, સ્તુતિઓ, ઢાલીયાં, સ્તવનો, સજ્ઝાયો, પદોનો અત્યુત્તમ સંગ્રહ જેમાં છે. કિં. રૂા. ૪)

(૨) ધર્મબોધ ગ્રંથમાલાના શીઘ્ર ગ્રાહક બની જાવ. માત્ર પોસ્ટેજ સાથે રૂા. ૧૨) ની કિંમતમાં જીવનનું ઘડતર કરવા માટે જુદા જુદા વિષયો ઉપર રોચક શૈલીમાં લખાએલાં ૨૦ પુસ્તકો વસાવી લો.

(૩) પૌષધ વિધિ (ચોથી આવૃત્તિ) સંપૂર્ણ સૂત્રો વિધિ સાથે, નહિ ભણેલાઓ વાંચતા જાય અને પૌષધ કરી શકે તેવી યોજના જેમાં કરવામાં આવી છે. કિં. ૦-૧૨-૦.

(૪) મોહનમાલા (ચોથી આવૃત્તિ) પ્રાચીન અર્વાચીન સ્તવનો તથા પ્રાર્થના, ચૈત્યવંદન, થોયો, ગહુંલીઓ, તપવિધિ, સ્તોત્રો, છંદનો સંગ્રહ કિં. રૂા. ૧.

(૫) સજ્ઝાયો તથા ઢાળીઆઓનો સુંદર સંગ્રહ કિં. રૂા. ૨ા.

### છપાતા ગ્રન્થો.

(૧) કલ્પસૂત્ર સુબોધિકા ટીકા (૨) શ્રી ભગવતીજી સૂત્રનાં પ્રવચનો (૩) શ્રી બૃહતસંગ્રહણી સુવિસ્તૃત સચિત્ર ભાષાંતર (બીજી આવૃત્તિ).

છૂટક પુસ્તકો પણ મળી શકશે.

—: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :—

**શા. લાલચંદ નંદલાલ**
ઠે. રાવપુરા ઘીકાંટા—વડોદરા

**સી. શાંતિલાલ શાહની કું.**
ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઇ

**સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. રતનપોળ હાથીખાના
અમદાવાદ

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧
મુંબઇ